CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ માગસર સુદ - ૧૨ | મંગળવાર, તા.૦૨-૧૨-૨૦૨૫ | અંક : ૨૮૮ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# સંચાર સાથી એપ અને SIR મામલે સંસદમાં ધમાસાણ

## સંસદના બંને ગૃહમાં વિપક્ષોની નારેબાજી : નાગરિકોની જાસૂસી કરવા સરકાર મોબાઈલમાં સંચાર સાથી એપ ઈન્સ્ટોલ કરાવવા માંગે છે : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી

સંસદમાં આજે બીજા દિવસે પણ વિપક્ષોએ એસ.આઈ.આર. અને સંચાર સાથી એપ મામલે ભારે હોબાળો મચાવ્યો હતો.વિપક્ષોના લાલાબોલ વચ્ચે થોડો સમય માટે કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી.કોંગ્રેસના પ્રિયંકા ગાંધીએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે લોકોની જાસૂસી કરવા માટે સરકાર સંચાર સાથી એપ દરેક મોબાઈલ ફોનમાં ઈન્સ્ટોલ કરાવવા માગે છે.બીજી તરફ એસઆઈઆર મુદ્દે વિપક્ષ ચર્ચાની માગ પર અડગ છે. આ સાથે સરકારના વલણને જોતા વિપક્ષના સાંસદોએ રાજ્યસભા અને લોકસભા બંનેમાં નારેબાજી કરવાનું ચાલુ રાખ્યું હતું. વિપક્ષ દ્વારા લોકસભામાં હોબાળા વચ્ચે કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, સંચાર સાથી એપ ભારતીય નાગરિકોની જાસૂસી કરવા માટેના એક હથિયાર તરીકે મોદી સરકાર ઉપયોગ કરવા માંગે છે.આજે બીજા દિવસની કાર્યવાહી શરુ થાય તે પહેલા જ સંસદ બહાર વિપક્ષના સાંસદોએ એસ.આઈ.આર મુદ્દે દેખાવો કરીને તેમનો ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. જોકે સંસદમાં કાર્યવાહી શરૂ થતા જ ફરી એકવાર હોબાળો શરૂ થઈ ગયો હતો. મતદાર યાદી ખાસ સુધારણા મુદ્દે ચર્ચાની માગ વચ્ચે સરકાર દ્વારા સંચાર સાથી એપને મોબાઈલમાં પ્રિ ઈન્સ્ટોલ કરાવવા અને ડીલિટ ન થવા દેવાની નવી કવાયતથી મામલો વધુ બીચક્યો હતો. વિપક્ષે આ મુદ્દે પણ સરકારને ઘેરવાનું શરૂ કરી દીધું હતું.



## સાયબર સુરક્ષા માટે સંચાર સાથી એપ આવશ્યક

### ખોટા મુદ્દા ઊભા કરી સંસદની કાર્યવાહી ખોરવવાનો વિપક્ષનો પ્રયાસ : કિરણ રીજીજુ

નવી દિલ્હી

સંચાર સાથી એપને પ્રી-ઈન્સ્ટોલ કરવાના ટેલિકોમ્યુનિકેશન વિભાગના નિર્દેશથી વિવાદ થયો છે. વિપક્ષ તેને જાસૂસી એપ્લિકેશન કહી રહ્યું છે, જ્યારે સરકાર દાવો કરી રહી છે કે તે સાયબર સુરક્ષા માટે જરૂરી છે. પ્રિયંકા ગાંધીએ તેને "જાસૂસી એપ્લિકેશન" કહી છે. કિરેન રિજિજુએ વિપક્ષ પર સંસદમાં ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના સાંસદ શશાંક મણિ ત્રિપાઠીએ આ પગલાનો બચાવ કર્યો છે.

મોબાઈલ હેન્ડસેટ પર "સંચાર સાથી" એપને પ્રી-ઈન્સ્ટોલ કરવાના ટેલિકોમ્યુનિકેશન વિભાગના નિર્દેશથી દેશના રાજકારણમાં વિવાદ થયો છે. વિપક્ષે તેને જાસૂસી એપ્લિકેશન કહી છે, જ્યારે સરકાર તેને સાયબર સુરક્ષા માટે આવશ્યક તરીકે રજૂ કરી રહી છે.

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું છે કે તે એક જાસૂસી એપ્લિકેશન છે. છેતરપિંડીની જાણ કરવા અને દરેક ભારતીય નાગરિક તેમના ફોન પર શું કરી રહ્યો છે તેનું નિરીક્ષણ કરવા વચ્ચે પાતળી રેખા છે. આ દરમિયાન, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું છે કે દરરોજ નવા મુદ્દાઓ શોધીને સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ ન થવો જોઈએ.

## સંચાર સાથી એપ મોબાઈલ ફોનમાં રાખવી જરૂરી નથી, ડિલીટ કરી શકાશે

### વિવાદ વચ્ચે કેન્દ્રીય મંત્રીએ કર્યો ખુલાસો

નવી દિલ્હી

સંચાર સાથી એપ અંગે વિવાદ વચ્ચે સરકારે કહ્યું છે કે, આ ઍપ્લિકેશન ફોનમાં રાખવી ફરજિયાત નથી. યુઝર્સ તેને ડિલીટ પણ કરી શકશે. કેન્દ્રીયમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મંગળવારે આ માહિતી આપી હતી. ટેલિકોમ વિભાગે નવેમ્બરમાં નિર્દેશ જાહેર કર્યા હતા કે ભારતમાં વપરાતા ફોનમાં સંચાર સાથી ઍપ્લિકેશન ફરજિયાત રાખવી પડશે. વિપક્ષે આ એપના માધ્યમથી જાસૂસી થશે તેવી આશંકાઓ વ્યક્ત કરતાં વિરોધ નોંધાવ્યો હતો.

સિંધિયાએ કહ્યું, "આ એપના આધારે કોઈ જાસૂસી કે કોલ મોનિટરિંગ નથી થવાનું. જો તમે ઈચ્છો તો તેને એક્ટિવ રાખી શકો. જો તમે ન ઈચ્છો તો તેને એક્ટિવ ના કરશો. જો તમે તેને તમારા ફોનમાં રાખવા માંગતા હોવ તો રાખો. જો તમે તેને કાઢી નાખવા માંગતા હોવ તો કાઢી શકો છો. નાખો.આ ગ્રાહક સુરક્ષાનો મામલો છે... જો તમે તેને કાઢી નાખવા માંગતા હો, તો તમે તેને કાઢી શકો છો. તે ફરજિયાત નથી. જો તમે આ એપ્લિકેશનનો ઉપયોગ ન કરવા માંગતા હો, તો તેના પર રજિસ્ટર્ડ ન કરતા. પરંતુ દેશમાં દરેકને ખબર નથી કે આ એપ્લિકેશન ચોરી અને છેતરપિંડી સામે રક્ષણ આપવા માટે છે.

## કુવૈતથી હૈદરાબાદ જતી ફ્લાઈટને માનવ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

### ઈન્ડિગોની ફ્લાઈટનું મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું

નવી દિલ્હી

કુવૈતથી હૈદરાબાદ જતી ઈન્ડિગોની ફ્લાઈટને બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી હતી. ધમકીને કારણે ફ્લાઈટમાં ગભરાટ ફેલાયો હતો, જેના કારણે ફ્લાઈટને મુંબઈમાં લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી.

ઈન્ડિગોની ફ્લાઈટનું મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટ કુવૈતથી હૈદરાબાદ પરત ફરી રહી હતી તે ફ્લાઈટ દરમિયાન ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી



હતી જેના કારણે ફ્લાઈટને તાત્કાલિક મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ કરવામાં આવી હતી.

ઈમેઈલ દ્વારા ફ્લેટમાં બોમ્બ હોવાની ધમકી મોકલવામાં આવી હતી. આ ઈમેઈલ દિલ્હી એરપોર્ટથી આવ્યો હતો. ઈમેઈલ મળતાં જ એરપોર્ટ અધિકારીઓને ચેતવણી આપવામાં આવી હતી અને ઈન્ડિગો ફ્લાઈટનું મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.ફ્લેટમાં બોમ્બ હોવા અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઈન્ડિગો ફ્લાઈટ, એરબસ છ૩૨૧-૨૫૧દ્ઠ, સવારે ૧:૫૬ વાગ્યે કુવૈતથી ઉડાન ભરી હતી અને હૈદરાબાદ જઈ રહી હતી. જોકે, ધમકીભર્યા ઈમેઈલ મળ્યા બાદ, ફ્લાઈટ આજે સવારે ૮:૧૦ વાગ્યે મુંબઈમાં લેન્ડિંગ કરવામાં આવી હતી.

અગાઉ, ૨૩ નવેમ્બરના રોજ, હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પણ એક ફ્લાઈટ સામે બોમ્બની ધમકી આપવામાં આવી હતી. ફ્લાઈટ બહેરીનથી હૈદરાબાદ આવી રહી હતી. ધમકી બાદ, ફ્લાઈટને મુંબઈ એરપોર્ટ તરફ વાળવામાં આવી હતી અને ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

## પાનમસાલા, સિગારેટ અને તંબાકુ ઉપર ૪૦ ટકા જી.એસ.ટી. યથાવત

### વિપક્ષના વિરોધ વચ્ચે લોકસભામાં નાણામંત્રીએ રજૂ કરેલા બે બિલ મંજૂર

નવી દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદ સત્રના પ્રથમ દિવસે લોકસભામાં બે મહત્વપૂર્ણ વિધેયક રજૂ કર્યા હતા, જેનો મુખ્ય ઉદ્દેશ્ય તમાકુ ઉત્પાદનો અને પાન મસાલા જેવી સ્વાસ્થ્ય માટે હાનિકારક વસ્તુઓ પર ઊંચા કરવેરા ચાલુ રાખવાનો હતો. વિપક્ષી દળોના ભારે હોબાળા વચ્ચે નાણામંત્રીએ 'ઉત્પાદ શુલ્ક સંશોધન વિધેયક- ૨૦૨૫' અને 'સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ વિધેયક- ૨૦૨૫' રજૂ કર્યા હતા.

આ બંને વિધેયક હાલમાં તમાકુ અને પાન મસાલા પર લાગતા જ્ઞ્ક્ષ્ ક્ષતિપૂર્તિ ઉપકરનું સ્થાન લેશે. 'કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક સંશોધન વિધેયક' દ્વારા સિગારેટ, સિગાર, હુક્કા, જર્દા સહિતના તમાકુ ઉત્પાદનો પર ઉત્પાદ શુલ્ક લગાવવામાં આવશે. જ્યારે, 'સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર વિધેયક' દ્વારા પાન મસાલા પર નવો ઉપકર સેસ લગાવવામાં આવશે.આ નવા ઉપકરનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય સંબંધિત ખર્ચાઓ માટે વધારાના સંસાધનો એકત્ર કરવાનો છે.આ નવા વિધેયક લાવવા પાછળનું મુખ્ય કારણ જ્ઞ્ક્ષ્ ક્ષતિપૂર્તિ ઉપકરની સમાપ્તિ છે. જુલાઈ ૨૦૧૭માં જ્યારે જ્ઞ્ક્ષ્ લાગુ કરવામાં આવ્યો, ત્યારે રાજ્યોને થતા રાજસ્વ નુકસાનની ભરપાઈ કરવા માટે ૫ વર્ષ માટે ક્ષતિપૂર્તિ ઉપકરની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોરોના મહામારીને કારણે આ ઉપકરની અવધિ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી હતી. હવે જ્યારે આ ઉપકર સમાપ્ત થવાની નજીક છે, ત્યારે તમાકુ અને પાન મસાલા પરનો ઊંચો ટેક્સ પણ સમાપ્ત થઈ જાત, જેનાથી આ વસ્તુઓ સસ્તી થઈ શકતી હતી. આથી, આ હાનિકારક વસ્તુઓ પર ટેક્સનો દર યથાવત રહે તે

## રશિયાની સંસદમાં આજે ભારત સાથેના સંરક્ષણ કરારને મંજૂરી આપવા માટે મતદાન

### આ કરાર રશિયા અને ભારત વચ્ચે લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવશે

મોસ્કો

રશિયન સંસદનું નીચલું ગૃહ, ડુમા ભારત સાથેના એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરારને મંજૂરી આપવા માટે મતદાન કરશે. ભારત-રશિયા રેસિપ્રોકલ લોજિસ્ટિક્સ એક્સચેન્જ એગ્રીમેન્ટ (RELOS) પર મતદાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ૦૪ ડિસેમ્બરથી શરૂ થતી ભારતની રાજ્ય મુલાકાત પહેલાં થવાનું છે. રશિયન સરકાર માને છે કે આ કરાર રશિયા અને ભારત વચ્ચે લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવશે.

તેનો ઉદ્દેશ્ય સંયુક્ત લશ્કરી કવાયતો, આપત્તિ રાહત અને અન્ય કામગીરી માટે સંકલન પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર આ કરાર લશ્કરી કવાયતો અને આપત્તિ રાહત કામગીરી સહિત સંયુક્ત પ્રવૃત્તિઓ માટેની પ્રક્રિયાઓને સરળ બનાવીને લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવશે. આવા કરારો ભાગ લેનારા દેશો માટે શાંતિ સમયની કામગીરી માટે ભૌગોલિક તકોને વિસ્તૃત કરે છે.

## અમેરિકામાં કોવિડ-૧૯ વેક્સિને ૧૦ બાળકોનો લીધો જીવ !

### પ્રથમ વખત યુએસ એફડીએ સ્વીકારશે કે કોવિડ-૧૯ વેક્સિને અમેરિકન બાળકોના મૃત્યુનું કારણ બની છે

વોશિંગ્ટન,

યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું છે કે દેશમાં ઓછામાં ઓછા ૧૦ બાળકો કોવિડ-૧૯ વેક્સિનને કારણે મૃત્યુ પામ્યા છે. એક સંભવિત કારણ મ્યોકાર્ડિટિસ અથવા હૃદય પર સોજો છે. એજન્સીએ સ્ટાફને મોકલવામાં આવેલા મેમોમાં એફડીએના ચીફ મેડિકલ અને સાયન્ટિફિક ઓફિસર વિનય પ્રસાદે જણાવ્યું હતું કે એક સમીક્ષામાં ઓછામાં ઓછા ૧૦ બાળકોની ઓળખ કરવામાં આવી છે જેઓ કોવિડ-૧૯ વેક્સિન લીધા પછી તેના કારણે મોત પામ્યા હતા. પ્રસાદે મેમોમાં લખ્યું છે કે, "આ મોત રસીકરણ સાથે જોડાયેલા છે. આ એક મોટો ખુલાસો છે. પ્રથમ વખત યુએસ એફડીએ સ્વીકારશે કે કોવિડ-૧૯ વેક્સિને અમેરિકન બાળકોના મૃત્યુનું કારણ બની છે.

મેમોમાં બાળકોની ઉંમર, આરોગ્ય સ્થિતિ અથવા વેક્સિન ઉત્પાદકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ તારણો ૨૦૨૧ અને ૨૦૨૪ વચ્ચે થયેલા ૯૬ મોતના પ્રારંભિક અભ્યાસ પર આધારિત હતા. પ્રસાદે જણાવ્યું હતું કે આ તારણ એ છે કે ઓછામાં ઓછા ૧૦ મોત કોવિડ-૧૯ વેક્સિન સાથે જોડાયેલા છે. પ્રસાદે મેમોમાં લખ્યું છે, "એવા કિસ્સાઓ વાંચવા મુશ્કેલ છે જ્યાં ૭ થી ૧૭ વર્ષની વયના બાળકો ૠૈંડ્ઢ વેક્સિનથી મૃત્યુ પામી શકે છે." તેમણે વેક્સિન દેખરેખને વધુ કડક બનાવવાની યોજના જાહેર કરી.

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે મતદાન

### આજે રાજ્યની ૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલો અને ૪૨ મ્યુનિસિપલ પંચાયતો પર ચૂંટણી

મુંબઈ

મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૫ના પ્રથમ તબક્કા માટે મતદાન આજે સવારે ૮ વાગ્યાની મતદાન શરુ થઈ ગયું છે. રાજ્યની ૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલો અને ૪૨ મ્યુનિસિપલ પંચાયતો પર ચૂંટણી યોજાઈ રહી છે. આજે મતદારો કુલ ૬,૮૫૯ મ્યુનિસિપલ સભ્યો અને ૨૮૮ પ્રમુખોની ચૂંટણી માટે મત આપશે. મતગણતરી આવતી કાલે ૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવશે.મહાયુતીના ઘટક પક્ષો ભાજપ અને શિવ સેના (શિંદે જૂથ)એ સામસામે ઉમેદવારો ઉભા રાખ્યા છે, માટે આ મુકાબલો રસપ્રદ રહેશે. બંને પાર્ટીના દિગ્ગજ નેતાઓ એક બીજાની પાર્ટીની ટીકા કરી ચુક્યા છે. આ ચૂંટણીના



પરિણામોની ઊંડી અસર રાજ્યના રાજકારણ પર થઈ શકે છે.મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્શન કમિશન (SEC) ચૂંટણીના એક દિવસ પહેલા ગઈ કાલે ૨૪ મ્યુનિસિપલ કાઉન્સિલ અને મ્યુનિસિપલ પંચાયતમાં ચૂંટણીઓને તાત્કાલિક સ્થગિત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

છેલ્લી ઘડીએ લીધેલા નિર્ણયને કારણે ભાજપ સહિત કેટલાક પક્ષોના નેતાઓ એ સોમવારે રાજ્ય ચૂંટણી પંચની આકરી ટીકા કરી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેરમાં જીઈઝ ની ટીકા કરતા આ પગલાને અસામાન્ય ગણાવ્યું. તેમણે કહ્યં કે ચૂંટણી મુલતવી રાખવીએ સંપૂર્ણપણે ખોટું અને કાયદાની વિરુદ્ધ છે. સાંજે રાજ્ય ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેને પત્ર લખીને આ નિર્ણય પાછો ખેંચવાની માંગ કરી હતી. વિપક્ષે પણ રાજ્ય ચૂંટણી પંચ પર મનમાની કરવાનો આરોપ પણ લગાવ્યો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાટે પૂછ્યું કે શાસક પક્ષોને ફાયદો કરાવવા માટે પંચે આ પગલું ભર્યું છે? શિવસેના (UBT) ના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું કે ચૂંટણી મુલતવી રાખવાથી મૂંઝવણ ઊભી થશે અને ઉમેદવારો અને મતદારો બંને માટે ચૂંટણી પ્રક્રિયામાં તકલીફ પડશે.

## અમદાવાદના વિરાટનગરમાં આવેલ એક કોમ્પ્લેક્સમાં લાગી ભીષણ આગ

અમદાવાદ

અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં આવેલા એક કોમ્પ્લેક્સમાં ભીષણ આગ લાગ્યાની ઘટના સામે આવી છે. અહીં આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી કે કોમ્પ્લેક્સમાં આવેલી અનેક દુકાનોને લપેટમાં લીધી હતી.

આગ લાગવાની જાણ થતાં જ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમો તુરંત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. આગને કારણે ધૂમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાયા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનું વાતાવરણ સર્જાયું હતું. કોમ્પ્લેક્સ રોડની સાઈડમાં આવેલું હોવાથી, રસ્તા પર પણ આગની અસર જોવા મળી હતી. જેના કારણે ત્યાંથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.સ્થળ પર લોકોની ભીડ જામી હતી અને પસાર થતાં લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. હાલમાં ફાયર બ્રિગેડની ટીમ આગને કાબૂમાં લેવાના સઘન પ્રયાસો કરી રહી છે. આગ કયા કારણોસર લાગી તે અંગેની તપાસ ફાયર બ્રિગેડ દ્વારા હાથ ધરવામાં આવશે. જોકે, આગથી થયેલા નુકસાનનો ચોક્કસ આંકડો હાલ જાણી શકાયો નથી.

CMYK

# સિંહ સદનની નકલી વેબસાઈટ બનાવનાર રાશિદ રાજસ્થાનથી ઝડપાયો

## ઓનલાઈન બુકિંગના નામે પ્રવાસીઓ પાસેથી રૂપિયા ખંખેર્યા

જૂનાગઢ,

૧૬ ઓક્ટોબરના રોજ સિંહ દર્શન કરવા આવતા પ્રવાસીઓ માટે સાસણ ગીર નેચર સફારી પાર્ક ખુલ્લું મુકાયું હતું. અહીં આવતા પ્રવાસીઓ ઉત્તમ રહેવા-જમવાની સુવિધા માટે ઓનલાઈન બુકિંગનો આગ્રહ રાખતા હોય છે. પરંતુ આ જ ઈચ્છાઓનો ગેરલાભ ઉઠાવીને રાશિદ ખાન નામના શખસે સરકારી સિંહ સદન ગેસ્ટ હાઉસની આબેહૂબ દેખાતી નકલી વેબસાઈટ બનાવી હતી. સિંહ દર્શને આવતા પ્રવાસીઓ સાથે ઓનલાઈન સિંહ સદન ગેસ્ટ હાઉસના રૂમ બુકિંગના નામે હજારો રૂપિયાની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ મોટાપાયે છેતરપિંડી આચરી હતી. પોલીસે આરોપી રાશિદ ખાનને રાજસ્થાનથી ઝડપી પાડ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૭ નવેમ્બરના રોજ વન વિભાગના રેન્જ ફોરેસ્ટ અધિકારીએ મેંદરડા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ જણાવ્યું હતું કે, સાસણમાં સફારી પાર્ક અને રેસ્ટ હાઉસ (સિંહ સદન)ની નકલી વેબસાઈટ બનાવી છેતરપિંડી કરી હોવાની મેંદરડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

વન વિભાગના અધિકારીની ફરિયાદ નોંધાવ્યા મુજબ જે પ્રવાસીઓએ જંગલ સફારી કરવા સિંહ સદનમાં રોકાવા માટેની ઓનલાઈન ટિકિટ બુક કરાવી હોય અને તે રિસીપ્ટ વન વિભાગને બતાવતા અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે, સિંહ સદનમાં રોકવા માટે આવી કોઇ ઓનલાઈન બુકિંગ સુવિધા ઉપલબ્ધ નથી. ગત તારીખ ૭ નવેમ્બર ૨૦૨૫ના સાસણ ગેસ્ટ હાઉસ ખાતે રેન્જ ફોરેસ્ટ અધિકારી તરીકે ફરજ બજાવતા યશ ભરતકુમાર ઉમરાણીયાએ આ અંગે ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, સિંહ સદન ગેસ્ટ હાઉસમાં પ્રોટોકોલ મુજબ સરકારી મહેમાનોને વ્યવસ્થા અપાય છે. જ્યારે બિન-સરકારી પ્રવાસીઓને રિસેપ્શન પરથી કરન્ટ બુકિંગ દ્વારા રૂમ ફાળવવામાં આવે છે. સૌથી અગત્યની વાત એ છે કે, સિંહ સદન ગેસ્ટ હાઉસના રૂમ બુકિંગ માટે આજદિન સુધી કોઈ સત્તાવાર ઓનલાઈન વેબસાઈટ કાર્યરત નથી. અને ના તો વન વિભાગે કોઈ વેબસાઈટને ઓનલાઈન બુકિંગના અધિકાર આપ્યા છે. મેંદરડા પોલીસ સ્ટેશનના પીઆઇ અને તેમની ટીમ દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સિસના આધારે સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસના અંતે સિંહ સદન અને જંગલ સફારી પાર્કની નકલી બુકિંગ વેબસાઈટ બનાવનાર મુખ્ય આરોપી રાજસ્થાનના મેવાતમાં રહેતા રાશિદ ખાન અયુબ ખાનને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસ આરોપી પાસેથી બે મોબાઈલ ફોન કબજે કર્યા છે.

હાલ ઝડપાયેલા આરોપીની પોલીસ દ્વારા પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી છે અને તેના રિમાન્ડની પણ માગણી કરવામાં આવી છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે કે, આ ગુનામાં તેની મદદ અન્ય કોણે કરી છે. આરોપી રાશિદ ખાનની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આરોપીએ માત્ર સિંહ સદનની જ નહીં પણ જગન્નાથ મંદિર ટ્રસ્ટ અને શ્રીરામ આશ્રમ નામની પણ અલગ અલગ વેબસાઈટ બનાવી હતી. ઠગ આરોપીએ અસલી જેવી દેખાતી બનાવટી વેબસાઈટો ઊભી કરી હતી. આ વેબસાઈટ પર સંપર્ક માટે વ્હોટ્સએપ બિઝનેસ એકાઉન્ટ નંબર મૂકીને પોતે સરકારી સિંહ સદન ગેસ્ટ હાઉસનો કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી હતી. પ્રવાસીઓને ઓનલાઈન રૂમ બુકિંગના નામે છેતરીને હજારો રૂપિયાની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતો હતો. ઉલ્લેખનીય છે કે, વન વિભાગને સહકર્મચારીઓ મારફતે આ નકલી વેબસાઈટ વિશે જાણકારી મળી હતી. બાદમાં અનેક પ્રવાસીઓ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની

### જગન્નાથ મંદિર ટ્રસ્ટ અને શ્રીરામ આશ્રમની પણ વેબસાઈટ બનાવી હતી

રજૂઆતો સાથે સામે આવ્યા હતા. અત્યાર સુધીમાં NPCRP પોર્ટલ પર આરોપી વિરૂદ્ધ ૨૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે.

પ્રથમ કેસઃ વલસાડના જતીનભાઈ ધીરજલાલ શેઠે ગુગલ બ્રાઉઝરમાં સર્ચ કરીને એક વેબસાઈટ મારફતે વ્હોટ્સએપ નંબર પર સંપર્ક કર્યો હતો. ઠગે જમ્મુ અને કાશ્મીર બેંકના ખાતામાં રૂ. ૧૧,૯૦૦ ટ્રાન્સફર કરાવ્યા અને તેમને નકલી રિસીપ્ટ પણ મોકલી આપી.

બીજો કેસઃ વધુ વેરિફિકેશન માટે રેન્જ ફોરેસ્ટ અધિકારીએ બીટગાર્ડ રવિભાઈ લીંબાડને એક રૂમ બુક કરવા જણાવ્યું હતું. રવિભાઈએ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના વ્હોટ્સએપ પર સંપર્ક કરતા ઠગે ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતામાં રૂ. ૩,૦૦૦ એડવાન્સ પેમેન્ટ કરવા જણાવ્યું હતું. રવિભાઈએ મારફતે આ રકમ મોકલી આપી, પરંતુ ત્યારબાદ સામેવાળાએ રૂમ કન્ફર્મેશનની રિસીપ્ટ મોકલી નહોતી અને રવિભાઈનો નંબર બ્લોક કરી દીધો હતો.

---

## ડમ્પર નીચે કચડાઈ જતા બાળકીનું મોતઃડમ્પર ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો



સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા નજીક સુદામડા ગામ પાસે એક બાળકીનું ડમ્પરની ટક્કરે કરુણ મોત થયું છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુદામડા ગામ નજીક એક ડમ્પર ચાલક બેફામ રીતે વાહન હંકારી રહ્યો હતો. આ દરમિયાન, રસ્તા પર ઊભેલી કે ચાલી રહેલી બાળકીને ડમ્પરે ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ડમ્પરનું ટાયર બાળકી પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. ફરાર ડમ્પર ચાલકને ઝડપી પાડવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે આ અંગે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# બે દિવસ પહેલાં મોતની રીલ બનાવી, અકસ્માતમાં માથું ધડથી અલગ

## સુરતમાં ૧૮ વર્ષીય બાઈકરનું અકસ્માતે મોત



સુરત,

સુરતમાં એક અત્યંત હૃદયદ્રાવક અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, જેણે દરેક વાલી અને યુવાનોને હચમચાવી દીધા છે. 'ઝડપની મજા, મોતની સજા' આ કહેવત સુરતના બ્રેડ લાઈનર સર્કલ પાસે સાચી પડી છે. માત્ર ૧૮ વર્ષની વયના એક આશાસ્પદ યુવાન અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પ્રિન્સ પટેલનું બાઈક અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે મૃતકે પોતાના મોતના માત્ર બે દિવસ પહેલાં જ સોશિયલ મીડિયા પર એક રીલ પોસ્ટ કરી હતી, જેમાં તે મોત અને સ્વર્ગની વાતો કરી રહ્યો હતો, જે આજે તેના માટે એક ભયાનક હકીકત બની ગઈ છે. પ્રિન્સ પટેલ પોતાની ડ્યૂક બાઈક લઈને સુરતના યુનિવર્સિટી રોડ તરફથી આવી રહ્યો હતો અને બ્રેડ લાઈનર બ્રિજ પરથી નીચે ઊતરી રહ્યો હતો. બ્રિજ ઊતરતી વખતે બાઈકની સ્પીડ એટલી વધારે હતી કે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ ગુમાવતાં બાઈક જોરદાર ધડાકા સાથે ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી ભયાનક હતી કે જોનારાનાં કાળજાં કંપી ગયાં હતાં. પ્રિન્સનું માથું અને ધડ અકસ્માતના કારણે અલગ થઈ ગયાં હતાં અને ઘટનાસ્થળે જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

અકસ્માતની જાણ થતાં જ ખટોદરા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ૧૮ વર્ષના જુવાનજોધ દીકરાના અચાનક મોતથી પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્રિન્સે હેલ્મેટ પહેર્યું ન હતું. જો તેણે સારી ગુણવત્તાનું હેલ્મેટ પહેર્યું હોત તો કદાચ આ જીવલેણ ઈજાથી બચી શકાયું હોત અથવા તો શરીરનાં અંગો આ રીતે ક્ષતવિક્ષત ના થયાં હોત. આ ગમખ્વાર અકસ્માત અંગે ટ્રાફિક ડીસીપી પન્ના મોમાયાએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે માતાએ ખૂબ મહેનત કરીને તેને ભણાવ્યો હતો, પરંતુ ઓવરસ્પીડિંગને કારણે આ ઘટના બની. તેમણે લોકોને અપીલ કરી છે કે રીલ બનાવવાની ઘેલછામાં યુવાનો ઓવરસ્પીડિંગ કરી રહ્યા છે, જે ખૂબ જ જોખમી છે. આવાં જોખમી કૃત્યોથી દૂર રહેવું જોઈએ અને સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઈએ.

મૃતક યુવકની માતા આવાસમાં રહીને દૂધ વેચાણ કરી મહામહેનતે પોતાનું ગુજરાન ચલાવતી હતી. પ્રિન્સ તેની માતાનો એકમાત્ર દીકરો હતો. તેણે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો હતો. દીકરો મોટો થઈને પરિવારનો આધાર બનશે, એવી માતાની આશાઓ હતી, પરંતુ ઓવરસ્પીડિંગ અને રીલ બનાવવાની ઘેલછાએ એક ગરીબ માતા પાસેથી તેનો એકમાત્ર આધાર છીનવી લીધો છે અને હવે આ ઘટના બાદ તે માતા એકલી પડી ગઈ છે. પોલીસ તપાસ અને પ્રિન્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ (PKR BLOGGER) પરથી મળેલી વિગતો મુજબ, પ્રિન્સને પોતાની નવી ડ્યૂક બાઈક પ્રત્યે દીવાનગી હતી. તે પોતાની આ બાઈકને પ્રેમથી 'લેલા' કહીને બોલાવતો હતો. કરુણતા એ છે કે અકસ્માતના માત્ર બે દિવસ પહેલાં જ તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની બાઈકને લઈ એક રીલ બનાવી શેર કરી હતી. આ રીલમાં એક ડાયલોગ હતો કે,"જબ તક મજનુ જિંદા થા ઉસે ઈસ દુનિયા મેં લેલા સે ખૂબસૂરત કોઈ લગી નહીં, લેકિન અબ વહ ઉસ જહાન મેં હૈ જહાં હુર ઔર પરિયા ભી રહેતી હૈ, લેકિન વહા જાકર ઉસે લેલા સે હસીન કોઈ લગી નહીં રહી હૈ".

આ રીલમાં તે પોતાની બાઈક (લેલા) વિશે વાત કરી રહ્યો હતો કે સ્વર્ગમાં જઈને પણ તેને પોતાની બાઈક જેવું કોઈ સુંદર લાગશે નહીં. આ શબ્દો જાણે કે તેના માટે ભવિષ્યવાણી સાબિત થયા હોય તેમ, આજે તે જ બાઈક પર સવાર થઈને તે કાયમ માટે આ દુનિયા છોડી ગયો છે. તેણે કેપ્શનમાં પણ લખ્યું હતું કે લેલા કે અલાવા કોઈ નહીં.

---

# ગાંધીનગરના PG સંચાલક સાથે શેર બજારમાં રોકાણના નામે ૧૦ લાખની ઠગાઈ

## મહિલાને ફેસબુક પર આવેલી જાહેરાત ભારે પડી

ગાંધીનગર,

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પી.જી. ચલાવતા એક મહિલા સંચાલકને ફેસબુક પર આવેલી શેરબજારમાં રોકાણની જાહેરાત ભારે પડી છે. કોટક સિક્યોરિટીઝના નામે શરૂ કરાયેલા વોટ્સએપ ગ્રુપ મારફતે અજાણ્યા ઠગોએ મહિલા પાસેથી તબક્કાવાર કુલ ૧૦ લાખ પડાવી લીધા હતા. આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાતા પોલીસે અત્યાર સુધીમાં ૫.૧૮ લાખ જેટલી રકમ રિકવર કરી છે, જ્યારે બાકીના રૂ.૪.૮૨ લાખ પરત મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. ગાંધીનગર કુડાસણ પ્રમુખ હોમ્સ ખાતે હાલમાં પોતાની દીકરી સાથે રહેતા અને એમ.કે. પી.જી.ના સંચાલક રક્ષાબેન મધુકાંતભાઈ ભટ્ટ આશરે સવા વર્ષ પહેલા D-304, શ્રીનાથ હોમ્સ ખાતે રહેતા હતા, ત્યારે તેમણે ફેસબુક પર શેરમાર્કેટમાં રોકાણ કરવા માટેની કોટક સિક્યોરિટીઝના નામની જાહેરાત જોઈ હતી. બાદમાં રક્ષાબેને રોકાણ કરવામાં રસ હોવાથી જાહેરાત નીચેની વ્હોટ્સએપ ગ્રુપ જોઈન કરવાની લિંક પર ક્લિક કર્યું હતું. આ ગ્રુપનું નામ IGP777/KOTAK-Stko mark^a analysis, sharing and guidance હતું. આ ગ્રુપમાં થતી એક્ટિવિટીનું બે મહિના સુધી નિરીક્ષણ કર્યા બાદ ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તેમને એક મોબાઈલ નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનાર ઈસમે રક્ષાબેનને શેર બજારમાં રોકાણ કરવાની લાલચ આપી એક લિંક મોકલી. જે લિંક પર ક્લિક કરતા જ ફ્રિંક્ષ ર્હીં નામના સિમ્બોલવાળી એપ્લિકેશન ઓપન થઈ હતી. જેમાં રક્ષાબેને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રક્ષાબેને સૌપ્રથમ ૩૦ હજાર રોક્યા હતા. આમ શેર બજારમાં રોકાણનો સિલસિલો શરૂ થયો હતો. બાદમાં તેમને ભારતી લેંગવાલ નામની વ્યક્તિના વ્હોટ્સએપ કોલ આવતા તેમણે ૬૦ હજારનું વધુ રોકાણ કર્યું હતું. ૧૨ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી અલગ-અલગ બેંક ખાતાઓમાં રક્ષાબેને તબક્કાવાર કુલ ૧૦ લાખ જમા કરાવી દીધા હતા. જોકે, મોટી રકમ મળતા જ સાયબર ઠગોએ તેમને વ્હોટ્સએપ ગ્રુપમાંથી રિમૂવ કરી દેવામાં આવ્યા હતા. બાદમાં રક્ષાબેને પૈસા વિડ્રો કરવાની પ્રોસેસ કરતા જણાવાયું હતું કે, રૂ.૫,૪૮,૩૩૧ કમિશન પેટે જમા કરાવો પછાત જ રકમ વિડ્રો થઈ શકશે. આ જાણીને રક્ષાબેનને પોતાની સાથે ઠગાઈ થયાનું માલૂમ પડ્યું હતું. આ મામલે તેમની દીકરીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી. આ મામલાની ગંભીરતા જોઈને સાયબર પોલીસે જે.જે. એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા હતા એની વિગતો મેળવી તપાસનો દોર શરૂ કર્યો હતો.

---

# સુરતમાં ફલાય ઓવર પર BRTS બસ રેલિંગ સાથે અથડાઈઃ મુસાફરોમાં ભય

સુરત,

સુરતના સહારા દરવાજા નજીક રિંગરોડ ફલાય ઓવર બ્રિજ પર મ્ડ્જી બસના અકસ્માતની ગંભીર ઘટના બની છે, જેમાં મોટી દુર્ઘટના થતા માંડ માંડ બચી છે. બસ રેલિંગ તોડીને બ્રિજ નીચે ખાબકતા ખાબકતા માંડ માંડ બચી હતી. અકસ્માતને કારણે બસમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને બૂમાબૂમ થઈ ગઈ હતી. સુરતના સહારા દરવાજા નજીક રિંગરોડ પરના ફલાય ઓવર બ્રિજ પર મ્ડ્જી બસ અકસ્માતનો ભોગ બની છે. બસ જ્યારે બ્રિજ પરથી નીચે ઉતરી રહી હતી, ત્યારે

### બસ બ્રિજ નીચેથી પડતા પડતા માંડ માંડ બચી

ડ્રાઈવરે કોઈ કારણોસર કાબૂ ગુમાવતા બસ બ્રિજની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અથડામણ એટલી જોરદાર હતી કે રેલિંગનો કેટલોક ભાગ તૂટી પડ્યો હતો. બસ રેલિંગ તોડીને બ્રિજ નીચે ખાબકતા ખાબકતા માંડ માંડ બચી હતી, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી ગઈ હતી. અકસ્માતને કારણે બસમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને બૂમાબૂમ થઈ ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાની કે ગંભીર ઈજાના સમાચાર નથી. અકસ્માત થવાના કારણે સહારા દરવાજા નજીકના વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને હળવો કરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. બસની ટક્કરથી બ્રિજની રેલિંગ તૂટી પડવાની સાથે જ બ્રિજના સ્પાન (માળખા) ને પણ નુકસાન થયું હોવાની શક્યતા છે. આ નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સુરતમાં BRTS બસના અકસ્માતોની ઘટનાઓ અગાઉ પણ ઘણીવાર સામે આવી ચૂકી છે. BRTS બસના ડ્રાઈવરોની બેદરકારી અને વધતી ગતિ જેવા મુદ્દાઓ અવારનવાર વિવાદનું કેન્દ્ર બને છે. શહેરી પરિવહનની આ મહત્વની સેવાના વારંવારના અકસ્માતોને લઈને સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ દ્વારા સુરક્ષાના પગલાં લેવા અંગે સતત દબાણ રહે છે. આ તાજેતરની ઘટનાએ ફરી એકવાર મ્ડ્જી બસની સુરક્ષા અને ડ્રાઈવિંગની પદ્ધતિઓ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

---

# UCC કમિટીને પડકારતા સિંગલ જજના ચુકાદા સામેની અપીલ નકરાઈ

## "રાજ્યના એક્ઝિક્યુટિવ કાર્યોનું જ્યુડિશિયલ રિવ્યૂ થઈ શકે નહીં, રાજ્ય સરકાર પાસે કમિટી રચવાનો પાવર" : HC

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટમાં સુરતથી અરજદાર અબ્દુલ વહાબ સોપારીવાલાએ રાજ્યમાં બનેલી ઞ્ઞ કમિટીને પડકારતી અરજી એડવોકેટ ઝમીર શેખ મારફતે દાખલ કરી હતી. જેમાં અરજદાર અને સરકાર એમ બંને પક્ષોને સાંભળીને ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજે ચુકાદો અનામત રાખ્યો હતો. જેમાં જુલાઈ મહિનામાં ચુકાદો આપતા ગુજરાત હાઈકોર્ટે અરજદારની અરજી નકારી હતી. જેથી આ ચુકાદા સામે અરજદારે હાઈકોર્ટમાં ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી.

આજે આ મુદ્દાની સુનવણીમાં હાઈકોર્ટે અરજદારને કહ્યું હતું કે કમિટીની રચના કરવી તે સંપૂર્ણ પણે રાજ્યનું એક્ઝિક્યુટિવ કાર્ય છે. કોર્ટ તેમાં કેવી રીતે હસ્તક્ષેપ કરી શકે ? સિંગલ જજે પણ કહ્યું છે કે આ સંપૂર્ણપણે બંધારણ દ્વારા રાજ્યને અપાયેલા પાવર મુજબ કમિટી રચાઈ છે. જો કે અરજદારે કહ્યું હતું કે કોઈપણ જાતના જાહેરનામાં વગર કમિટી રચી દેવાઈ છે. હાઈકોર્ટે કહ્યું હતું કે રાજ્યે બંધારણના આર્ટિકલ ૧૬૨ના પાવર મુજબ કમિટીની રચના કરી છે. આ સંપૂર્ણ પણે રાજ્યનું અધિકાર ક્ષેત્ર છે. જેમાં કોર્ટ હસ્તક્ષેપ કરી કરી શકે નહીં કે તેમાં જ્યુડિશિયલ રિવ્યૂ થઈ શકે નહીં. અરજદારે કહ્યું હતું કે કોઈ પણ જાહેરનામાં વગર કમિટીની રચના કરાઈ છે. લેજિસ્લેચર છે તો શા માટે જાહેરનામું બહાર ના પાડ્યું ? હાઈકોર્ટે કહ્યું હતું કે અરજદારને સોર્સ ઓફ પાવર બાબતે કોઈ તકરાર નથી. બંધારણ કોર્ટને રાજ્યના વહીવટી કાર્યોના જ્યુડિશિયલ રિવ્યુની મંજૂરી નથી આપતું. કમિટીની રચનામાં લઘુમતી કોમના કોઈ સભ્યને સમાવાયા નથી તે સિવાય અરજદાર પાસે બીજી કોઈ દલીલો નથી. રાજ્યના કમિટીની રચનાના પાવરને ચેલેન્જ કરાયેલ નથી. જેથી આ અરજીને નકારી નાખવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે સિંગલ જજ સમક્ષ અરજદાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે ૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવા શક્યતાઓ તપાસવા માટે એક કમિટીની જાહેરાત કરી હતી. જે ગુજરાતમાં ઞ્ઞ ને લગતો ડ્રાફ્ટ તૈયાર કરશે. જો કે આ કમિટીમાં અલગ અલગ ધર્મના લોકો નથી, એટલું જ નહીં પરંતુ લઘુમતી જેવા કે મુસ્લિમ, પારસી, ક્રિશ્ચન, શીખ જૈન કે બૌધ ધર્મના લોકો પણ નથી. આ અંગે ૧૬ માર્ચ, ૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રીને રજૂઆત પણ કરવામાં આવી હતી. કમિટીના અધ્યક્ષ સ્થાને રિટાયર્ડ જજ રંજના દેસાઈ છે. જેઓ અગાઉ ઉત્તરાખંડ UCC કમિટીના ચેરપર્સન રહી ચૂક્યા છે.

---

# SG હાઈવે પર હિટ એન્ડ રન, યુવકનું મોત





અમદાવાદ,

અમદાવાદના એસજી હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આજે(૧ ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા કથન ખરચર નામના યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ મોત થયું છે. એસજી ૧ ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, કથન ખરચર નામનો ૨૧ વર્ષીય યુવક ગાંધીનગર ખાતે પોતાના મામાના ઘરે રહે છે. કથન YMCA પાસે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કથન રોજની જેમ આજે(૧ ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી બાઈક પર પોતાની ઓફિસ જવા નીકળ્યો હતો. નિરમા યુનિવર્સિટી પાસે પહોંચતાં સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ કથનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. એને લીધે કથન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેનું ઘટનાસ્થળે મોત થયું હતું.

આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક-પોલીસ અને મૃતક યુવકનાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યાં હતા. યુવાન દીકરાનું મોત થતાં પરિવારજનો હૈયાફાટ રુદન કરી રહ્યાં હતાં. ટ્રાફિક-પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકને શોધી કાઢવા ઞ્ઞ્ફ ફૂટેજમાં આધારે વધુ તપાસ શરૂ કરી છે. એસજી ૧ ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PI આર.વી વીછીએ જણાવ્યું હતું કે અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક નાસી ગયો છે. પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

# પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




જામનગર : જામનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુરકુમારી પ્રસાદ સહિત સમિતિ દ્વારા હોસ્પિટલોને રિન્યુઅલ તેમજ નવા રજિસ્ટ્રેશન આપવા માટે જરૂરી મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ઓથોરિટી દ્વારા કરવામાં આવેલ ક્લિનિક ઈન્સ્પેક્શનની કામગીરીનો સઘન રીવ્યુ પણ કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લામાં જો કોઈપણ જગ્યાએ પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટનો ભંગ થતો હોવાનું ધ્યાન પર આવશે, તો જવાબદાર વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે તેમ જણાવાયું હતું.

આ બેઠકમાં સમિતિના સભ્ય હેતલબેન અમેથીયા, ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ જામનગરના તબીબો ડો. તુપ્તી નાયક, ડો.નમ્રતા પરમાર, ડો. એમ.ટી. માકડા, ડો.પુષ્પા કટેશીયા તેમજ જુદા જુદા તાલુકાના હેલ્થ ઓફિસરઓ ડો. અલ્તાફ વૈશનાની જામજોધપુર, ડો. એચ. એન. ફોજે ધ્રોલ, ડો. પી.ડી. પરમાર લાલપુર, ડો. જે. આર. પટેલ જામનગર, ડો. એમ.પી. મોઢેડિયા જોડિયાઅને નોડલ ઓફિસરશ્રી પીએનડીટી ડો. આર.બી. ગુપ્તા - જિલ્લા કવોલિટી એસ્યોરન્સ મેડીકલ ઓફીસર, જિલ્લા પંચાયત ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં સાયબર ફ્રોડથી બચવા ૪૫,૦૦૦ પત્રિકાઓનું વિતરણ


જામનગર : જામનગર શહેર જિલ્લા સહિત સમગ્ર દેશભરમાં સાયબર ક્રાઈમના ગુનાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવા સેમિનારો સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે હાલમાં ૪૫,૦૦૦ થી વધુ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

શહેર જિલ્લાના લોકોને સોશિયલ મીડિયા પર થઈ રહેલા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ડિજિટ અરેસ્ટ સ્કેમ સહિતથી સાવધાન રહેવા જાગૃત કરવામાં આવ્યા છે. જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ક્રાઈમથી બચવા જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં જન-ભાગીદારીથી કુલ ૪૫,૦૦૦ સાયબર જાગૃતતા પત્રિકાઓની સ્થાનિક સમાચાર પત્રો મારફત શહેરના વિવિધ વિસ્તારોમાં વહેંચણી કરવામાં આવી છે. આ પત્રિકાઓમાં સામાન્ય નાગરિકોને વિવિધ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી, ફેક લિન્ક-કોલ, બેંકિંગ ફ્રોડ તથા સોશિયલ મીડિયા સિક્યુરિટીના ૧૫ જેટલા મુદ્દાઓ અંગે સરળ ભાષામાં માગદર્શન આપવામાં આવ્યું છે. આ કાર્યનો હેતુ નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધે અને ઓનલાઈન છેતરપિંડીના બનાવો ઘટાડવાનો છે.

## શિયાળુ સત્ર દરમ્યાન સંસદસભ્ય દિલ્હીમાં

જામનગર : તા.૧ ડીસેમ્બર-૨૦૨૫થી સંસદનું શિયાળુ સત્ર શરૂ થયેલ છે. સત્ર દરમ્યાન જામનગરના સંસદસભ્ય પૂનમબેન માડમ નવી દિલ્હીમાં હાજર રહેશે. તા.૧૯/૫૨/૨૦૨૫ સુધી શિયાળુ સત્ર દરમ્યાન કામના દિવસોમાં જામનગરમાં મળી શકશે નહી. સંસદના શિયાળુ મત્ર દરખાન જામનગર જિલ્લામાં જામનગર ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયા અને ભાણવડ સંસદસભ્યના કાર્યાલય સવારે : ૯:૩૦થી રાત્રે : ૮ સુધી રાબેતા મુજબ કાર્યરત રહેશે. જામનગર પ્રર્યાલય : નિઓ કાવેર, ગ્રાઉન્ડ કસોર, અંબર સિનેમા પાસે, જામનગર, ખંભાળીયા કાર્યાલય : પોસ્ટ ઓફિસ રોડ (ફોન. ૦૨૮૩૩-૨૩૩૩૮૮) અને ભાણવડ કાર્યાલય : વેરાડ નાકા બહાર (ફોન. ૦૨૮૪૬-૨૩૨૧૮૮)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અશ્વમેઘ યજ્ઞના આયોજનની પોથી યાત્રા મામલે જામસાહેબનો જાહેર સંદેશ



જામનગર : જામનગરમાં રિધમસ ફાઉન્ડેશન દ્વારા અશ્વમેઘ યજ્ઞના આયોજનમાં આયોજકોએ વંશવકીનું પ્રથમ પૂજન મહારાજા જામસાહેબના રાજમહેલમાં પોથીયાત્રા નીકળશે. તેવી વિગત સાથેની પત્રિકા સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ છે.

આગામી ફેબ્રુઆરી મહિનામાં જામનગરમાં રીધમસ ફાઉન્ડેશન દ્વારા અશ્વમેઘ યજ્ઞનું આયોજન અને જેમાં વંશાવલીનું પ્રથમ પૂજન મહારાજા જામસાહેબશ્રીના રાજમહેલમાં કરી ત્યાંથી પોથીયાત્રા યજ્ઞશાળા સુધી જશે. તેવો ઉલ્લેખ કરાયો છે.આ મામલે જામસાહેબશ્રીએ સ્પષ્ટતા કરી કે, "મને રીધમસ ફાઉન્ડેશન અંગે કોઈ જાણકારી નથી અને આ બાબતે મારા દ્વારા કોઈ મંજૂરી દેવામાં આવી નથી. હું અશ્વમેઘ યજ્ઞના આયોજન સાથે જોડાયેલ નથી. આ બાબતને લઈ મહારાજા જામસાહેબે ઓફ નવાનગરે સ્પષ્ટતા કરી હતી કે, મારે અશ્વમેઘ યજ્ઞના આયોજન સાથે કોઈ પ્રકાર હું જોડાયેલો નથી અને મારી મંજૂરી પણ લીધી નથી. મીડિયામાં વાયરલ થયેલ એક જાહેર આમંત્રણ અંગે જાણકારી મળેલી છે જેમાં લખ્યું છે કે, આગામી ફેબ્રુઆરી મહિનામાં રીધમસ ફાઉન્ડેશન દ્વારા અશ્વમેઘ યજ્ઞનું આયોજન થવાની તૈયારી થઈ રહી છે. જેમાં વંશાવલીનું પ્રથમ પૂજન મહારાજા જામસાહેબશ્રીના રાજમહેલમાં કરી ત્યાંથી પોથીયાત્રા યજ્ઞશાળા સુધી જશે. આ અંગે મારે સ્પષ્ટતા કરવાની છે કે, "મને રીધમસ ફાઉન્ડેશન અંગે કોઈ જાણકારી નથી અને આ બાબતે મારા દ્વારા કોઈ મંજૂરી દેવામાં આવી નથી. આ અશ્વમેઘ યજ્ઞના આયોજન સાથે હું કોઈ પણ પ્રકારે જોડાયેલ નથી તેમ મહારાજા જામસાહેબ ઓફ નવાનગરે એક પત્રમાં જણાવ્યું હતું.

# શંકરાચાર્યગુરુકુળમાં ગીતા જયંતીની ઉજવણી




તસવીરઃ રાકેશ સામાણી

ગીતા જયંતી તથા મોક્ષદા એકાદશી મહોત્સવના ઉપક્રમે શ્રી શંકરાચાર્યગુરુકુલ, શ્રી શંકરાચાર્ય વેદ વિદ્યાલય, રાષ્ટ્રીય આદર્શ વેદ વિદ્યાલય જેવી શૈક્ષણિક સંસ્થાઓ તથા સંકલ્પ એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા મૂલ્યવાન ધાર્મિક-સાહિત્યિક ગ્રંથો પ્રમાણપત્ર મોમેન્ટો વગેરે પુરસ્કાર તરીકે આપવામાં આવ્યા. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી દ્વારકા શારદાપીઠના શ્રી નારાયણાનંદ બ્રહ્મચારીજી દ્વારા શુભ આશિષ પાઠવવામાં આવ્યા હતા.

# આઈએમએ જામનગરના નવા હોદ્દેદારોની નિમણૂંક



જામનગર : ઈન્ડીયન મેડીકલ એસોસિએશન અર્થાત આઈ.એમ.એ. એ દેશભરનાં ડોક્ટરોનું સૌથી પ્રતિષ્ઠિત સંગઠન છે. આઈ. એમ. એ. જામનગરનાં નવા હોદ્દેદારોની વરણીનો કાર્યક્રમ ગત શનિવારે હોટલ સયાજી, ગુરૂદ્વારા પાસે જામનગરમાં યોજાયો હતો.

નગરનાં વરિષ્ઠ અને ખ્યાતનામ ડોક્ટરો સર્વશ્રી ડો. વિજય પોપટ, ડો. એ. ડી. રૂપારેલીયા, ડો. કે.એસ.મહેશ્વરી,ડો. અતુલ વેકરીયા,ડો. આર. એસ.વિરાણી તથા ડો. દેવાશું શુક્લની ઉપસ્થિતિમાં નવા હોદ્દેદારોની ઘોષણા કરી તેઓને જવાબદારી સોંપવામાં આવી હતી.

પ્રેસિડેન્ટ પદે ડો. કૃણાલ ડી. મહેતાએ પદભાર ગ્રહણ કર્યો હતો. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ડો.દિનકર સાવરીયા, ડો.હિતાર્થ રાજા તથા ડો. કેવિન વિરાણીએ જવાબદારી સંભાળી હતી. સેક્રેટરી પદે ડો. શિવમ બદિયાણી તથા જોઈન્ટ સેક્રેટરી પદે ડો. કુલદિપ જોશી અને ડો. પલક ગણાત્રાએ ચાર્જ સંભાળ્યો હતો. ટ્રેઝરર તરીકે ડો. કેતન ગોસાઇ તથા જોઈન્ટ ટ્રેઝરર તરીકે ડો. અભિષેક ગોધાણીએ પદભાર ધારણ કર્યો હતો. નવનિયુક્ત હોદ્દેદારોએ ઉપસ્થિત વરિષ્ઠ તબીબોને પ્રેરણારૂપ ગણાવી દર્દીઓનાં કલ્યાણને સર્વોપરી રાખી તબીબી જગતની સમસ્યાઓને ઉકેલવાનાં સંકલ્પ સાથે જવાબદારીઓ સ્વીકારી હતી.

# ખંભાળિયામાં મેડિકલ કોલેજના બીજા માળ પરથી અકસ્માતે પડી જતા યુવાનનું કરુણ મૃત્યુ

## વોટર પ્રુફ ટીકડી ચોંટાડવાનું કામ કરતી વેળાએ બન્યો બનાવ

ખંભાળિયામાં મેડિકલ કોલેજમાં કામ કરતી વેળાએ બીજા માળ પરથી પડી જતા એક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યુ હતું આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ દાહોદ જિલ્લાનો અને હાલ ખંભાળિયામાં રહેતો બાબુભાઈ કાળુભાઈ ભાભોર નામનો ૨૯ વર્ષનો યુવાન ખંભાળિયામાં સુકી ખેતી મુકામે મેડિકલ કોલેજના બીજા માળે વોટર પ્રુફ ટીકડી ચોટાડવાનું કામ કરતો હોય આ વેળાએ અકસ્માતે બીજા માળેથી નીચે પડી જતા તેનું શરીરે ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની ખંભાળિયા પોલીસમાં ભરતભાઈ કાળુભાઈ ભાભોર દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લાના ૨૮ ગામોના જળાશયોને ભરવા માટે અનોખી પહેલ

## BJS સંગઠન તેમજ રોટરી ક્લબ કટિબધ્ધ,૩૫ કરોડ લિટરની વર્ષા જળ સંગ્રહની ક્ષમતા વધારશે

જામનગર : જામનગર જિલ્લાના ૨૮ જેટલા ગામો, કે જેમાં વર્ષ ૨૦૨૬ ના માર્ચ થી મે માસ દરમ્યાન "સુઝલામ સુફલામ" યોજના ના સમય ગાળા દરમ્યાન સ્વ-ભંડોળ થી, ૨૮ થી વધુ જળાશયોમાં થી માટી અને કાંપ દુર કરી, ૩૫ કરોડ લીટરથી વધુ વર્ષા-જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે બી.જે.એસ.જૈન સંગઠન ફાઉન્ડેશન-જામનગર અને રોટરી ક્લબ ઓફ જામનગર કટિબદ્ધ બન્યું છે.

સામાન્ય રીતે વરસાદ દરમિયાન વ્યર્થ વહી જતા વર્ષા જળના સંચયના આયોજન નો ગત વર્ષથી શુભારંભ ઉપરોક્ત સંસ્થા દ્વારા થયો છે, અને ગત વર્ષે તેની ખૂબ જ મહત્વની સફળતા મળી છે.આ આયોજન બદ્ધ કાર્ય કરવામાટે લાલપુર તાલુકા વિકાસ અધિકારી કરસનભાઈ ચુડાસમાની પહેલ થી લાલપુર તાલુકાના સરપંચો સાથે તળાવો ઊંડા ઉતારવા ના આયોજન અંગે વિસ્તૃત રીતે વિચાર-વિમર્શ થયો હતો. આગામી દિવસોમાં સરકારી ખાણખનીજ વિભાગના ધારા ધોરણ મુજબ એપ્રિલથી મેં માસના સમયગાળામાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે, અને વરસાદ સંગ્રહની શક્તિનો મોટા પ્રમાણમાં વધારો કરવામાં આવશે છે. જે ગ્રામ્ય જનો માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

# સલાયામાં ચાલતી ભાગવત કથામાં આજે ટિકરની કાનગોપી રાસ મંડળીનું આયોજન




તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયામાં લોહાણા મહાજન વાડીમાં લંડનવારા નટવરલાલ ગોરધનદાસ સામાણી પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં સલાયા લોહાણા મહાજન અને જલારામ સેવા સમિતિ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યું છે. દરરોજ કથામાં જુદાજુદા ધાર્મિક ઉત્સવો ઉજવાઈ છે. જેમાં રવિવારે કૃષ્ણ જન્મોત્સવ તેમજ સમસ્ત હિન્દુ સમાજની નાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સોમવારે અગિયારસના રોજ શ્રી ગિરિરાજ ઉત્સવ અને ગૌ માતાને વસાણા યુક્ત લાડવા જમાડવામાં આવ્યા હતા.જેમાં લાલજીમંદિર ગૌસેવા સમિતિએ સેવા આપી હતી.તેમજ આજરોજ મંગળવારે ટીકરના જગાભાઈ આહીરની કાનગોપીની રાસ મંડળીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો આ ધર્મ ઉત્સવોમાં લાભ લેવા યજમાન પરિવારના પિયુષભાઈ સામાણી તેમજ ઈલાબેન સામાણીનું નિમંત્રણ છે.

# જામનગરમાં સહકારી બેંકો સંસ્થાઓ માટે સેમિનાર, ૧૨૫ પ્રતિનિધિઓની હાજરી





જામનગર : આવકવેરા વિભાગના Intelligence and Criminal Investigation (I&CI), જામનગર દ્વારા અખિલેન્દ્ર પ્રતાપ યાદવ, ડિરેક્ટર ઓફ ઈન્કમ ટેક્સ, અમદાવાદ તથા વીરભદ્રમ વિસ્લાવથ, એડિશનલ ડિરેક્ટર ઓફ ઈન્કમ ટેક્સ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ૨૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જામનગરમાં સહકારી બેંકો અને સહકારી સંસ્થાઓ માટે જાગૃતિ અભિયાન હેઠળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ Statement of Financial Transactions (SFT) તથા સહકારી સંસ્થાઓના કર તેમજ કાનૂની પાલન અંગે જાગૃતિ વધારવાનો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત ક્ષેત્રના આવકવેરા વિભાગના અધિકારીઓ જેમ કે અખિલેન્દ્ર પ્રતાપ યાદવ, ડિરેક્ટર ઓફ ઈન્કમ ટેક્સ, અમદાવાદ; વીરભદ્રમ વિસ્લાવથ, એડિશનલ ડિરેક્ટર ઓફ ઈન્કમ ટેક્સ, અમદાવાદ; શ્રી દુષ્યંત, જામનગર; તપેશ સોની, રાજકોટ વગેરે હાજર રહ્યા હતા. આ ઉપરાંત સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ તથા ટેક્સેશન ક્ષેત્ર સાથે સંકળાયેલા લગભગ ૧૨૫ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેમાં રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ (ડિરેક્ટર, જામનગર જિલ્લા સહકારી બેંક), અશોકભાઈ જોબનપુત્ર (ડિરેક્ટર, નવનગર કોઓપ બેંક), હર્દીપસિંહ જાડેજા (પ્રેસિડેન્ટ, CA એસોસિએશન), વશરામ ચોવટિયા (પ્રેસિડેન્ટ, કો-ઓપ સોસાયટી ફેડરેશન), કમલેશ રૂપારેલિયા (વાઈસ પ્રેસિડેન્ટ, ટેક્સ કન્સલ્ટન્ટ્સ એસોસિએશન) તથા મૌનીલ હાથી વગેરેનો સમાવેશ થયો હતો.

સેમિનારની શરૂઆતમાં અખિલેન્દ્ર પ્રતાપ યાદવ (DIT, અમદાવાદ) તથા વીરભદ્રમ વિસ્લાવથ (Addl. DIT, અમદાવાદ)એ સેમિનારનો હેતુ રજૂ કર્યો અને સહકારી બેંકો દ્વારા થયેલ રિપોર્ટિંગ કર ચુકવણીનું આધાર વિસ્તાર વધારવા અને કાનૂની પાલન સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ જરૂરી હોવાનું ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

અખિલેન્દ્ર પ્રતાપ યાદવની મહત્વતા ઉપર પ્રકાશ પાડ્યો, જે કરચોરી અટકાવવા, જવાબદારી વધારવા અને ચોક્કસ રિપોર્ટિંગ સુનિશ્ચિત કરવા માટે એક અસરકારક સાધન છે. સાથે તેમણે સહકારી સંસ્થાઓની સામાજિક-આર્થિક ભૂમિકાને મહત્વ આપ્યું તથા તેમાં સામેલ કરવેરા સંબંધિત પડકારો પર ચર્ચા કરી. ખાસ કરીને મુદ્દાઓ ઉપર ભાર મુકાયો હતો. જેમાં સહકારી સંસ્થાઓએ આવકવેરા રિટર્ન નિર્ધારિત સમયમર્યાદામાં ભરવી ફરજિયાત છે, જેથી કરસુવિધાઓ મળી શકે, From 61Bનું રિપોર્ટિંગ સહકારી બેંકો માટે ફરજિયાત છે, ભલે NIL રિપોર્ટિંગ કરવું પડે, I&CI વિભાગ તરફથી મળેલા નોટિસનો સમયસર જવાબ આપવો જરૂરી છે, જેથી વધુ પુછપરછ અથવા લિટિગેશન ટાળી શકાય, સહકારી બેંકોને કોઈપણ વ્યાજ આવક હૈન્ન હોય તો રિપોર્ટ કરવી આવશ્યક છે. SRO દ્વારા માત્ર ખરીદી-વેચાણ ટ્રાન્ઝેક્શન નહી, પરંતુ તમામ જરૂરી ટ્રાન્ઝેક્શન નું સંપૂર્ણ રિપોર્ટિંગ ફરજિયાત છે. અખિલેન્દ્ર પ્રતાપ યાદવ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન અને સ્પષ્ટતા માટે હાજર પ્રતિનિધિઓએ ખાસ આભાર વ્યક્ત કર્યો. આ સેમિનાર સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા અને પાલન વધારવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો. તપેશ સોનીએ આવકવેરા અધિનિયમ હેઠળ Froms 61, 61A અને 61B વિષયક SFT રિપોર્ટિંગ પ્રક્રિયા, ફરજિયાતતાઓ, સમયમર્યાદા, એકત્રિકરણ નિયમો તથા દંડ જેવી વિગતો રજૂ કરી. ત્યારબાદ દુષ્યંતએ સહકારી સંસ્થાઓની કરપદ્ધતિ, નિયમનકારી માળખું, આવકવેરા રિટર્ન ભરવાની ફરજિયાતતા, સ્ટેચ્યુટરી ઓડિટ, જરૂરીયાત, કલમ 80P હેઠળની છૂટ, કલમ 269SS, 269ST અને 269T હેઠળ રોકડની કડક મર્યાદાઓ અને આયકર તથા સહકારી કાયદા હેઠળ ડ્યુઅલ ઓડિટની ફરજિયાતતા વિષે વિગતવાર સમજ આપી. પ્રસ્તુતિ પૂર્ણ થયા બાદ ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું, જેમાં અધિકારીઓએ વિવિધ પ્રશ્નોના સમાધાન આપીને સ્પષ્ટતા કરી. અંતમાં ગ્રુપ ફોટોગ્રાફ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો, જે સહકારી ક્ષેત્રના તમામ હિતધારકોની હાજરીમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. આ પહેલ સહકારી સંસ્થાઓમાં કાનૂની જાગૃતિ વધારીને ચોક્કસ પાલન સુનિશ્ચિત કરતાં આવકવેરા વિભાગ દ્વારા કરચુકવણીનો વિસ્તાર વધારવા પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# અબોલ પ્રાણીઓનો અધિકાર

પ્રાણીઓ અને મનુષ્યનો સંબંધ સદીઓ જૂનો છે. ખાસ કરીને કૂતરો, જેને મનુષ્યનો સૌથી વફાદાર સાથી માનવામાં આવે છે. પરંતુ આજના સમયમાં, આ સંબંધની પવિત્રતા પર એક મોટો સવાલ ઊભો થયો છે: શું આપણે પ્રાણીઓને સાથી માનીએ છીએ, કે પછી માત્ર 'સ્ટેટસ સિમ્બોલ'?


આજકાલ સોશિયલ મીડિયાના યુગમાં કૂતરા પાળવા એ એક ફેશન બની ગઈ છે. લેબ્રાડોર, ગોલ્ડન રિટ્રીવર કે લ્હાસા એપ્સો જેવી 'ઊંચી જાત'ના શ્વાનને ઘરે લાવવું એ જાણે પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન છે. લોકો હજારો રૂપિયા ખર્ચીને બ્રાન્ડેડ બેગ કે બૂટની જેમ 'બ્રાન્ડેડ' કૂતરાને ખરીદે છે. આ જાતોનું પ્રજનન પણ એક ધંધો બની ગયું છે, જ્યાં ગલુડિયાને જન્મતાની સાથે જ માતાથી અલગ કરીને વેચી દેવામાં આવે છે. આમાં પ્રાણી પ્રત્યેનો પ્રેમ ઓછો અને પોતાના સ્ટેટસને વધારવાનો ઇરાદો વધારે હોય છે.પરંતુ વાત અહીં પૂરી નથી થતી. આ નિર્ણય લેતા પહેલાં પરિવારના સભ્યોની સંમતિ કે લાંબા ગાળાની જવાબદારીનો વિચાર ભાગ્યે જ થાય છે. એક સુંદર પપીને ઘરે લઈ આવવો સરળ છે, પણ તેને રોજ ફેરવવા લઈ જવો, સમયસર ખવડાવવું, વેક્સિન લગાવડાવવી અને તેની અન્ય જરૂરિયાતો પૂરી કરવી એ જવાબદારીનું કામ છે. જ્યારે આ સુંદર ગલુડિયું મોટું થાય છે, ત્યારે તેનો મોહ ઓછો થઈ જાય છે. અને અહીંથી જ ક્રૂરતાની પરાકાષ્ઠા શરૂ થાય છે. થોડા દિવસ આનંદ લીધા પછી, જ્યારે તે પોસાતું નથી, ત્યારે તેને ગાડીમાં બેસાડીને દૂર જંગલમાં કે અજાણી જગ્યાએ છોડી દેવામાં આવે છે.અબોલની પીડા આજના માનવી સમજતા નથી.જનમેજયથી સોશિયલ મીડિયા સુધી આ ઘટના મનુષ્યની સંવેદનહીનતાનો સૌથી મોટો પુરાવો છે. તે મૂક પ્રાણી કલાકો સુધી ભૂખ્યો, તરસ્યો, તમારી રાહ જોઈને બેસી રહે છે. તેની આંખો તમને શોધી રહી હોય છે કે કદાચ તમે ભૂલી ગયા હશો અને મને લેવા પાછા જરૂર આવશો. આ વિશ્વાસઘાત માત્ર એક વ્યક્તિનો નથી, પણ સમગ્ર સમાજની કરુણાના સ્તરનું પ્રતિબિંબ છે.જો આપણે આપણા ઇતિહાસ તરફ નજર કરીએ તો, મહાભારતમાં પણ એક નાનકડા ગલુડિયાની વાર્તા છે. જ્યારે જનમેજય સર્પયજ્ઞ કરી રહ્યા હતા, ત્યારે એક ગલુડિયું ત્યાં આવી ગયું અને તેને નિર્દયતાથી મારવામાં આવ્યું. આથી તેની માતાએ જનમેજયને શાપ આપ્યો હતો. કહેવાનો અર્થ સ્પષ્ટ છે: દરેક પ્રાણીને જીવવાનો અને ન્યાયનો હક છે. આપણા ધર્મગ્રંથોએ પણ મૂક પ્રાણીઓના અધિકારની વાત સ્વીકારી છે, તો પછી આજે આપણે કેમ આટલા પથ્થરદિલ બની ગયા છીએ?આજકાલ સોશિયલ મીડિયા પર જે આઘાતજનક વીડિયો આવે છે, તે જોઈને આત્મા કંપી ઊઠે છે. કોઈ કુતરાની પૂંછડીમાં ફટાકડા બાંધે છે, તો કોઈ તેને પથ્થર મારે છે. જે વ્યક્તિને મૂક પ્રાણીને પીડા આપવામાં 'કિક' મળતી હોય, તે સાવ નીચલી પાયરીનો વ્યક્તિ હશે. પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ હેઠળ, મૂક પ્રાણીઓના પણ કેટલાક અધિકાર છે અને તેમનું શોષણ કરવું એ એક અપરાધ છે. પરંતુ કાયદાથી પણ મોટી બાબત છે - માનવીય અભિગમ અને કરુણા.સડકની સમસ્યા,નફરત નહીં, કરુણાનો અભિગમ આજે રખડતા કૂતરાઓનો વિવાદ ચરમસીમા પર છે. સમાજમાં એક મોટો વર્ગ છે જે રખડુ કૂતરાઓ પ્રત્યે નફરત ધરાવે છે. જો કોઈ પશુપ્રેમી તેમને ખાવાનું આપે તો તેની સામે પણ વાંધો ઊઠાવવામાં આવે છે. આ વિવાદને હલ કરવા માટે આપણે હિંસા કે નફરતને બદલે માનવીય અભિગમ અપનાવવાની જરૂર છે.રખડતા કૂતરાઓની સંખ્યા વધવાના કારણોમાં એક મોટું કારણ એ પણ છે કે લોકો પાળેલા કૂતરાઓને બેજવાબદારીપૂર્વક છોડી દે છે, જે પછી સડક પરના કૂતરાઓની સંખ્યામાં વધારો કરે છે. આ સમસ્યાને હલ કરવા માટે સરકારી સ્તરે વંધ્યીકરણ (Sterilization)ના કાર્યક્રમોને વેગ આપવો જોઈએ, પરંતુ નાગરિકો તરીકે આપણે પણ આપણી ભૂમિકા સમજવી પડશે.

# જીવન વિશેની સૂક્ષ્મ અનુભૂતિ

**આધેડવયે પહોંચેલા એક જીવનયાત્રીને પ્રેરિત કરનાર એક વરિષ્ઠ યાત્રિકના શબ્દોની ઊંડી અસર થવા પામી, તેથી પોતે મનુષ્યજીવન વિશેની સૂક્ષ્મ અનુભૂતિને વાગોળે છે.**

અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર

ઉત્તરાખંડ યાત્રાનો સાતમો દિવસ હતો. ગુલાબી ઠંડી હવામાં લહેરાતી હતી. સંધ્યાનો માહોલ વર્તાવા લાગ્યો હતો. સૂર્ય અસ્ત થઈ રહ્યો રહ્યો હતો અને આકાશ શોણિત રંગમાં નાહી રહ્યું હતું. બધાં યાત્રિકો પહાડી પરના વિશ્રામ સ્થાને એક ડોરમેટરીમાં વિશ્રામ લઈ રહ્યાં હતાં. ચારે બાજુ ગંભીરતા અને આત્મીયતા ફેલાતી હતી ત્યારે એક વરિષ્ઠ યાત્રિકે હસતાં હસતાં કહ્યું, ' મિત્રો ! યાત્રા માત્ર જીવનની મજા , મુસાફરી અને મનોરંજન સુધી નહિ. પણ ત્રણ અદશ્ય શક્તિઓ- ઉત્સુક શક્તિ, નિત્ય શક્તિ અને સૌભાગ્ય શક્તિની અનુભૂતિ માટે હોય છે. ' તેમના અવાજમાં ગંભીરતા હતી. બધાંની આંખો ચમકી.



તેમણે વાત શરૂ કરી, ' મેં એક નાનકડા ગામમાં પાઠશાળા શરૂ કરી હતી. એક છોકરો થોડે દૂરથી ભણવા માટે આવવા લાગ્યો. હું તેને દરરોજ જોઈ રહેતો કે તે રોજ પાઠશાળામાં આવીને બેસે છે, વિચારે છે, ગીત ગાય છે, એ રીતે પોતે આનંદિત રહે છે. એ તેની શક્તિ છે. તેને કેટલીક જિજ્ઞાસા પણ છે એટલે મને ક્યારેય પ્રશ્નો પૂછી લે છે. એમ દિવસો આગળ વધે છે. તે એક વખતનો બાળક આજે આ પાઠશાળાનો આચાર્ય છે. આ તેની ઉત્સુક શક્તિનું પરિણામ છે. '

આટલું સાંભળતાં સૌને પોતાની શિક્ષણયાત્રા, જીવન યાત્રાની ઘટનાઓ, આ પડાવ સુધીનાં સંસ્મરણો તાજાં થયાં. સૌને પહેલી વાર પાઠશાળામાં કેટલીક જિજ્ઞાસાઓ હતી, તેનું સ્મરણ થયું. તદુપરાંત પોતાની દ્રશ્ય શક્તિ, ઉત્સુક શક્તિ અને નિત્ય શક્તિનો અહેસાસ થયો.વળી, પાછું વરિષ્ઠ યાત્રિકે નિત્ય શક્તિ વિશે કહ્યું, ' ઉત્સુકતા તમને અહીં સુધી લાવી છે, એક પગલું પણ તેના વગર આગળ જવાશે નહીં. આગળ જવામાં સમય લાગે છે, પ્રતિદિન આગળ વધતાં જવાનું, કાર્યોમાં સહભાગી થવાનું, આ ફક્ત ક્રિયાઓ નથી, તે નિત્ય શક્તિની સાધના છે. ઉત્સુકતાથી આ સાધના થાય છે. હું સાઈઠ વર્ષથી પ્રતિદિન નિત્યની સાધના કરતો આવ્યો છું. કેટલીકવાર બીમારી, કેટલીકવાર પરિવારે રોક્યો, છતાં આ તો મારો નિત્ય ધર્મ રહ્યો છે. આજે જ્યારે પાછું વાળીને જોઉં છું, ત્યારે લાગે છે કે આ તો મારા જીવનની મૂડી છે. અહીં માત્ર શબ્દ નથી, જીવનની તપસ્યાનો અનુભવ છે.' હવે જ્યારે ત્રીજી, સૌભાગ્ય શક્તિ વિશે જાણવાની ઉત્કંઠા એક યાત્રિકે દર્શાવી ત્યારે એ વરિષ્ઠ યાત્રિકે કહ્યું, "હું વિદ્યાર્થી જીવનમાં સક્રિય વિદ્યાર્થી હતો. પછીથી સક્રિયતા વધી, પરિવાર અને નોકરીની જવાબદારી વધી. પરંતુ મારું સૌભાગ્ય જુઓ, આજે પણ જયારે હું યાત્રામાં આવી રહ્યો છું, હું પોતે તે જ ભાવનાથી હાજર છું. સમાજમાં પ્રભાવશાળી ભૂમિકા નિભાવવા છતાં આપ સૌના સંપર્કમાં હોવાથી, સંપર્કની સ્થાયીતા અને નવી દિશા મળી રહે છે. એ જ સૌભાગ્ય શક્તિ છે. '

ઉત્સુકતા જ તેમને અહીં સુધી લઈ આવી. નિત્ય સાધનાએ જ તેને ટકાવી રાખ્યા અને સૌભાગ્યે તેને એક પરંપરાનું અંગ બનાવી દીધા છે. આ સમગ્ર જીવનનું અમૂલ્ય શિક્ષણ છે. ઉત્સુક જીવન શક્તિ, નિત્ય શક્તિ અને સૌભાગ્ય શક્તિ એ જ જીવનનો આત્મા છે. આ ત્રણ દીવડા મળીને અખંડ જીવન જ્યોતને પ્રકાશિત કરે છે. વરિષ્ઠ યાત્રિકના શબ્દોની ઊંડી અસર મયંકકુમાર નામના આધેડ યાત્રિકને થવા લાગી. પોતે પૈસેટકે સારા પરિવારમાંથી છે. આ વખતે પોતાના શહેરમાંથી આ સમૂહયાત્રા પ્રવાસે નીકળ્યા છે. બૌદ્ધિકોનો આ સમૂહ છે. યાત્રાના પહેલાં જ પડાવે વિશ્રામ સ્થાને રોકાણ દરમિયાન વરિષ્ઠ યાત્રિક દ્વારા જીવનપ્રેરક સરસ મજાની વાતનો પ્રભાવ તેના પર પડ્યો છે. એટલે આટલી ઉંમરે પહોંચતા સુધીમાં જીવનને ગંભીરતાથી ન સમજનાર આ માણસ અત્યારે પોતાનાં બાળપણ, કિશોરાવસ્થા, તરુણાવસ્થા અને યુવાવસ્થાના સ્મરણો વાગોળે છે. તે દરેક અવસ્થાને ઉત્સુક શક્તિ, નિત્ય શક્તિ અને સૌભાગ્ય શક્તિ સાથે મૂલવે છે.

પોતાના ચાર પેઢીના ભર્યા ભાદર્યા ખમતીધર ખોરડે તેનો ઉછેર થયો છે. જીવનની ખાટીમીઠી વાળોગતાં અત્યારે તેને જણાયું કે મનુષ્યજીવનને સમજણ અને સાવધાનીપૂર્વક જીવવાની જરૂર છે. જીવન વિશેની ઉત્સુકતા સદૈવ ટકી રહેવી જોઈએ. સદા ઉત્સુક જીવન જ વિકાસને પ્રગતિશીલ રાખે છે. જાગ્યા ત્યારથી સવાર એ નાતે આજથી પોતાનામાં ઉત્સુક શક્તિનો પ્રાણ ફૂંકવા તે તૈયાર થાય છે. જીવન વિકાસની બીજી શક્તિ પર તેણે ચિંતન શરૂ કર્યું અને એ છે નિત્ય શક્તિ. આ નિત્ય શક્તિનો અણસાર તેને આવવા લાગ્યો. નિત્યની સાધના જ તેને દિન પ્રતિદિન સચ્ચાઈપૂર્વક જીવન ધર્મ નિભાવવામાં મદદ કરનાર છે. એ નિત્ય શક્તિ નવીનતા ભણી જવામાં પ્રેરણા અને બળ પૂરાં પાડે છે. એટલું સૌભાગ્ય પ્રાપ્ત કરવામાં સૌભાગ્ય શક્તિનો સથવારો નાનોસૂનો નથી હોતો, એવું તે સ્પષ્ટપણે માનતો થયો છે. કારણકે ચાર પેઢીના ભર્યા ભાદર્યા ખમતીધર ખોરડે સંયુક્ત એવા મોટા પરિવારમાં પોતાનો ઉછેર થયો અને આટલી ઉંમરે પણ સુખ શાંતિમાં રહેવા મળે એ જ સૌભાગ્ય શક્તિનું પરિણામ છે.

મયંકકુમારને આ ત્રણ શક્તિઓનાં પરિણામો વિશેનું માનવ જીવન પ્રતીતિકર લાગ્યું. મનુષ્યના જીવનમાં આ ત્રણ અદ્રશ્ય શક્તિઓનો અનુભવ કરવા જેવો છે. જીવનયાત્રામાં માત્ર જીવનની મજા, મુસાફરી અને મનોરંજન જ નહીં પણ આ ત્રણ અદ્રશ્ય શક્તિઓની અનુભૂતિ કરવા જેવી છે .

# ગીતાએ એક નવો જ સંન્યાસ ઊભો કર્યો

કરંટ ટોપિક

ભગવાન શ્રીકૃષ્ણના વચનામૃત,અધરામૃત જે કહો તે, જેમાં ગ્રંથસ્થ થયા છે એવા પરમ પાવન સદ્‌ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ને પ્રણામ. આમ તો ગીતાજયંતીનો એક વિશેષ આનંદ આપણને હોય જ છે. પણ એક દિવસ હું મોડો આવ્યો તોયે ખબર નહીં પણ કંઈક વિશેષ આનંદ આવ્યો છે.

ગીતાના સંદેશની વાત અહીંથી કહેવાની હોય છે. કોઈપણ નિર્ણય યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિના કહેવાથી, પરમ યોગ્યના ચરણમાં સ્થાપવાનો ગીતાનો એક મહિમાવંત સંદેશ છે. કોઈપણ નિર્ણય કોઈ એવી યોગ્ય વ્યક્તિના કહેવાથી અને એ પરમ યોગ્ય વ્યક્તિના ચરણમાં એ નિર્ણયને સ્થાપિત કરી દેવો. ડામાડોળ થયા વગર તમામ ભટકનને મૂકી દઈને એવો એક નિર્ણય કરી લેવો બાપ, એને ગીતાના આધારે, સદ્‌ગુરુની કૃપાના આધારે, સંતો અને વિદ્વાનો પાસેથી સાંભળ્યું હોય અને ગ્રંથ અવલોકન કર્યું હોય એના આધારે અને કંઈક અનુભવના આધારે મોરારિબાપુ એમ માને છે કે, એ ગીતાનો એક મહત્ત્વનો સંદેશ છે.ગીતાએ ઘણી વ્યાખ્યાઓ આપી. ગીતાની એક વ્યાખ્યા મને બહુ ગમે, હું અવારનવાર કહું છું કથાઓમાં કે, ગીતાએ એક નવો સંન્યાસ ઊભો કર્યો. આપણે ત્યાં સંન્યાસના ઘણા પ્રકાર, એને બધા ને એક વિશિષ્ટ શીલવંત નામ આપવામાં આવ્યું છે. પણ ગીતાએ એક સંન્યાસ ઉત્પન્ન કર્યો અને એ છે નિત્ય સંન્યાસ. જે સાધકને કોઈ કામના ન હોય અને કોઈના તરફ દ્વેષ ન હોય એવો સાધક નિત્ય સંન્યાસી છે.

હાફ પેન્ટ ભલે પહેર્યું હોય ,પેન્ટ શર્ટ ભલે પહેર્યું હોય.. ભગવા ભલે ન હોય સફેદ હોય, જે રંગના હોય તે પણ આપણે આપણી જાતને પૂછીએ કારણ કે, મારી દષ્ટિમાં રામાયણે ત્રણ પ્રકારના જીવોની ચર્ચા કરી છે. એ ત્રણેય દર્શન પ્રદ્ધતિ બીલગ છે.

તો બાપ, ત્રણ પ્રકારના જીવોની શ્રેણી 'રામચરિતમાનસે' કહી છે. એમાં આપણે બધા આવતા હોઈએ મોટે ભાગે. એક વિષયી,બીજા સાધક અને બહુ જ ઉપર એ સિદ્ધ. આ ત્રણેયના દર્શનની રીત જુદી છે. પોતાની છાયામાં પોતાને માપે એ વિષયી છે કે, મારો પડછાયો કેટલો લાંબો? એમ પોતાના વ્યક્તિત્વની વાતો પોતે જ કરે. એનો નિર્ણય પોતે લઈ લે, સમાજમાં એ રીતે પોતાનું વ્યક્તિત્વ સ્થાપવાનો બહુ જ કુનેહપૂર્વક પ્રયાસ કરે એ વિષય દર્શન છે. જે છાયામાં પોતાને માપે.

ખલીલ જિબ્રાનની પેલી લોમડીની વાત. એ પોતાનો પડછાયો જોઇને વારંવાર વિચાર કરે છે મારે તો આટલો ખોરાક જોશે ને મારે તો આટલો બધો ખોરાક જોશે. આખરે સૂરજ માથે આવ્યો ને છાયાઓ સમાપ્ત થઈ ત્યારે એને એમ થયું કે મારે કાંઈ આટલું બધું જોતું નથી.

આ છાયામાં આપણે જયારે આપણી જાતને માપીએ છીએ તો બાપ, મોટેભાગે પડછાયામાં આપણે આપણું દર્શન કરીએ છીએ. પણ જે સાધક છે એ પડછાયામાં પોતાને માપતો નથી પણ એ દર્પણમાં પોતાને જુએ છે.



પોતાના મનરૂપી દર્પણમાં એ પોતાને જુએ છે, અથવા તો સ્થૂળરૂપે પોતાને જુએ છે કે હું કેવો છું? પણ દર્પણેય ક્યાં સાચું દેખાડે છે !બગડી ગયું હોય, ધૂળધુસરિત હોય, અથવા તો ઘણા એવાંય દર્પણ આવે કે આપણા મોઢા બહુ લાંબા દેખાડે. આપણે હોઈએ બરાબર ઊંચા પણ આપણને બહુ ઠીંગણા દેખાડે.

આપણને બહુ જ ઊંચા દેખાડે, આપણને બહુ જ ફૂલેલા દેખાડે. આપણા ચહેરા કદાચ વિકૃત પણ દેખાડે. આવાં દર્પણો પણ આપણે જોયા છે. એટલે દર્પણ ઉપર પણ બહુ ભરોસો નથી મૂકી શકાતો. આપણું મન દર્પણ કહીએ તો, આપણું મન એ ક્યાં સાચું દર્શન કરાવે છે સાહેબ? ક્યારેક મન આપણને સંતોષ આપી દે કે, નહીં નહીં ભાઈ તું તો મહાન છે! પણ બહુ ભરોસો ન કરાય સાહેબ. અંગદ જ્યારે રાવણને એમ કહે છે કે, તું કયો રાવણ?


મારા પિતાએ કાંખમાં દબાવ્યો એ તું? ધનુષયજ્ઞમાં મુખભર પડ્યો એ તું? તું કયો રાવણ છે એ તો કહે મને! બલિરાજાને જીતવા પાતાળમાં ગયો અને બાળકોની સાથે એને બાંધી દીધો, બાળકોનું રમકડું બનાવી દીધો એ તું રાવણ? પણ બહુ વિચારવા જેવું વક્તવ્ય રાવણે આપ્યું કે,અંગદ, હે વાનર, હું કયો રાવણ છું એ બીજાની સાથે, બીજાના અભિપ્રાય ઉપર નક્કી ન કર. હું કયો રાવણ છું એ હું જ કહી શકું. રામ પણ કોણ છે એ રામ જ કહી શકે

.ત્રીજું દર્શન છે તે છે આત્મદર્શન. જે સિદ્ધ લોકો કરતા હોય છે. એને જે દેખાય છે. તો, મારે જે કહેવું છે તે એ છે કે, આપણે યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિની પાસે આખરી નિર્ણય કરી શકીએ છીએ. એ આપણે નથી કરી શકતા અને પરિણામે ભગવાન કૃષ્ણ મને ને તમને જે સન્માન આપવા માગે છે, એક જીવનો આદર કરવા પ્રભુ માગે છે, પછી એને પીડા થાય છે કે મારે આને સન્માન આપવું છે પણ આ આટલી વસ્તુ કરી શકતો નથી. એટલે સંન્યાસીની વ્યાખ્યા સરસ આપી કે, જેને કોઈ આકાંક્ષા નથી, કોઈનો એ દ્વેષ કરતો નથી એ સંન્યાસી. કાયમનો સંન્યાસી.

એ વ્યક્તિને તમે સાધુ કહી શકો. ભલે ગમે તે કપડાંમાં હોય, ગમે તે વર્ણ હોય, ગમે તે સાધના પદ્ધતિમાં એ જીવતો હોય, ગમે તે વ્યવસાયમાં હોય, ગમે તે દેશમાં હોય, પાતાળમાં હોય, આકાશમાં હોય, પૃથ્વી પર હોય કે બ્રહ્માંડોની અનંત શૃંખલામાં ગમે ત્યાં હોય, પણ એ સાધુ કહેડાવવાને યોગ્ય છે. આવી એક સાધુની વ્યાખ્યા ભગવદ્ ગીતાકારે આપી. અને એ મને બહુ ગમે છે.

# ઘાયલ દિલની વાતો કરતું અનોખું પ્લેટફોર્મ

**અગણિત અધૂરી લવ સ્ટોરીનો અનોખો ખજાનો એટલે લાખો દિલની એવી વાતો જે પથ્થર દિલને પણ પીગળાવી દે તેવી છે.આવું ડિજિટલ પ્લેટફોર્મ ગુજરાતી હિન્દીમાં બને તેની તાતી જરૂર છે!!.**



આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

આજે અનેક લોકો પ્રેમમાં નિષ્ફળ નીવડી કેમ માટે દેવદાસ બની જાય છે તો કોઈ આત્મહત્યા કરી લે છે.

દિલની વાત દિલમાં રહી જાય છે ત્યારેઅવુ બને છે.

માનવીના અજાગૃત મનમાં એવી ઘણી લાગણીઓ દબાઈ ને પડેલી હોય છે જે વ્યક્ત થી જાય તો માનવી નવેસરથી જીવનની શરૂઆત કરી શકે છે.

દિલની વાત ક્યારેય કોઈના સમક્ષ કહેવાની હિંમત નથી થતી. પ્રેમની અધૂરી કથાઓ, તૂટેલા સંબંધોની તીખી વેદના, અફસોસની ભારે જોલી, માફી માંગવાની બેચૈની, અને ગુસ્સાનો એવા તોફાન જે હૃદયને અંદરથી કોરી નાખે છે. — આ તમામ લાગણીઓ મનના એક એવા અંધકારમય ખૂણામાં દબાઈ જ રહી જાય છે. આ દબાયેલા દુઃખડા કોઈને કહેવાની તક મળે તે પહેલાં જ મનને ધીમે ધીમે કામ કરી નાખે છે. પરંતુ જો આ બધા દુઃખ, આ બધી વેદનાઓને કોઈ એવી જગ્યાએ મુક્તપણે વ્યક્ત કરી શકાય જ્યાં કોઈ ભય ન હોય, કોઈ ચિંતા ન હોય, તો હૃદય પરનો તે ભાર કેવી રીતે હળવો થાય છે. એવી જગ્યાને જન્મ આપવા માટે જ એક અનોખું ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જેને 'ધ અનસેન્ટ પ્રોજેક્ટ' કહેવામાં આવે છે. આ પ્લેટફોર્મ એક એવી અજોડ વિશ્વવ્યાપી આર્કાઈવ બની ગયું છે, જ્યાં લોકો તેમના હૃદયમાં ધરબાયેલા એવા સંદેશો લખી શકે છે જે ક્યારેય કોઈને મોકલવાના નથી.

આ પ્રોજેક્ટની શરૂઆત એક એવા દુઃખદ સત્યથી થઈ છે જે ઘણાના હૃદયને સ્પર્શે છે. અમેરિકન કલાકાર રોરા બ્લુએ સોશિયલ મીડિયા પર એક સરળ પરંતુ હૃદયને ભેદતો સવાલ પૂછ્યો: જો તમે તમારા પ્રથમ પ્રેમને એક સંદેશ મોકલી શકો, તો તમે શું કહેશો? આ સવાલના જવાબોમાં લોકોના હૃદયના એવા ઘા ખોલી નાખ્યા

જે દાયકાઓ થી દબાયેલા હતા. ઘણા લોકોએ કહ્યું કે તેઓ ઘણી એવી વાતો કહેવા માંગતા હતા જે ક્યારેય કહી શક્યા નહોતા. કેટલાકના શબ્દોમાં તો એવી તીવ્ર વેદના હતી કે તેઓ કહેતા, "હું તે વાત કહેવા માંગતો હતો, પણ એ ડર હતું કે કદાચ તે વ્યક્તિ મારી જીવનમાંથી હંમેશા માટે દૂર થઈ જશે." આ જવાબોમાંથી રોરા બ્લુને એ સ્પષ્ટ થયું કે મનુષ્યના હૃદયમાં અનેક અનકહેલી વાતો દબાઈ પડેલી છે, જેને વ્યક્ત કરવા માટે કોઈ સુરક્ષિત આશ્રય નથી. આ વેદનાને શબ્દોમાં બંધવા માટે તેમણે આ પ્લેટફોર્મ બનાવ્યું, જ્યાં લોકો પોતાના હૃદયની સૌથી ઊંડી, સૌથી વેદનાદાયક લાગણીઓને બિનઓળખી અને બિનશરતી રીતે લખી શકે.

આ પ્લેટફોર્મ પર દરેક સંદેશ એક રંગ સાથે જોડાય છે, જે તે દિલની ઊંડાઈને પ્રતિબિંબિત કરે છે. લાલ રંગમાં પ્રેમની તીવ્રતા અને તેની વેદના દેખાય છે, વાદળી રંગમાં યાદોની મીઠી રિક્તતા અને ઉદાસીનો સમુદ્ર લહેરાતો નજરે પડે છે. અને કાળા રંગમાં તૂટેલા સંબંધોની ગહન અંધકારમય વેદના છુપાયેલી છે. અહીં કોઈ ઓળખની જરૂર નથી, કોઈ લોગિન કે સંપર્કની બંધન નથી. માત્ર એક સંદેશ લખવાનો છે, અને તે હૃદયમાંથી નીકળતા એક રંગ સાથે મુક્ત થઈ જાય છે. આજે આ પ્લેટફોર્મ પર પચાસ લાખથી વધુ આવા સંદેશો એકત્રિત થયા છે, જે માનવ હૃદયના અનકહેલા દુઃખની એક અપાર વિશાળતાનું પ્રતિનિધિત્વ કરે છે.

આ સંદેશોના વિશ્લેષણમાંથી એ સ્પષ્ટ થાય છે કે મોટાભાગની લાગણીઓ ડરના ઘેરા ઢાળ હેઠળ દબાઈ પડેલી છે. એ ડર કે જો આ વાત કોઈને કહી દીધી, તો સંબંધ તૂટી જશે, વ્યક્તિ હંમેશા માટે દૂર થઈ જશે, અથવા તો કોઈ જવાબ નહીં મળે. આ ડર હૃદયને એવી જકડમાં જકડી રાખે છે કે લાગણીઓને વ્યક્ત કરવાની હિંમત જ નથી થતી. પરંતુ આ પ્લેટફોર્મ પર આ ડરને તોડીને લોકો પોતાના હૃદયની દબાયેલી વેદનાઓને શબ્દોમાં વહેવા દે છે. જ્યારે આ અનકહેલા દુઃખડા શબ્દોમાં બંધાઈને મુક્ત થાય છે, ત્યારે હૃદય પરનો તે ભાર કેવી રીતે હળવો થાય છે. મનની એ વેદના, જે સાલોથી અંદર જલતી રહી છે, લખવાની પ્રક્રિયામાં વહીને શાંત થઈ જાય છે. આ રીતે વ્યક્તિ પોતાના અંદરના ઘા ને સ્વીકારીને તેની સાથે જીવવાની ક્ષમતા મેળવે છે.

આ પ્લેટફોર્મ માત્ર એક વેબસાઈટ નથી, પરંતુ તે એક એવું શરણસ્થાન છે જ્યાં હૃદયના દબાયેલા દુઃખને વ્યક્ત કરવાની સ્વતંત્રતા મળે છે. તે લોકોને એ શીખવે છે કે દરેક લાગણી, ભલે તે કેટલી જ તીવ્ર અને વેદનાદાયક કેમ ન હોય, તેને શબ્દોમાં વ્યક્ત કરવું જરૂરી છે. કારણ કે જ્યારે આ દબાયેલી વેદનાઓ મુક્ત થાય છે, ત્યારે હૃદયમાં એક અજોડ શાંતિનો અનુભવ થાય છે, જે લાંબા સમયથી ખોઇ ગયેલી હોય છે.

નિષ્કર્ષમાં, 'ધ અનસેન્ટ પ્રોજેક્ટ' એ માનવ હૃદયના એવા અનકહેલા દુઃખને એક અવજ આપે છે જે સાલોથી દબાયેલા છે. આ પ્લેટફોર્મ એવી જગ્યા પૂરી પાડે છે જ્યાં વ્યક્તિ પોતાના હૃદયની સૌથી ઊંડી વેદનાઓને બિનડર રહીત રીતે લખી શકે છે અને તેના પરથી પોતાનો ભાર હળવો કરી શકે છે. આ પ્રયોગ એ સ્પષ્ટ સંદેશ આપે છે કે અનકહેલા દુઃખને શબ્દોમાં વ્યક્ત કરવું એ મનની વેદનાને શાંત કરવાનું સૌથી મહત્ત્વનું માધ્યમ છે. જ્યારે હૃદયના દબાયેલા દુઃખડા મુક્ત થાય છે, ત્યારે જીવનમાં એક નવી શાંતિ અને સ્વતંત્રતાનો અનુભવ થાય છે, જે વ્યક્તિને પોતાના અંદરના ઘા સાથે જીવવાની અને આગળ વધવાની શક્તિ આપે છે.

આમાં થી અનેક લોકોને નવું જીવન મળે છે કોઈને નવી પ્રેમિકા મળે છે અને આદુભાયેલા દિલો એક સાથે બોલી ઊઠે છે કે બહારે ફિર ભી આયેગી

# હું ૩૭ વર્ષનો છું,હું ફક્ત એક જ ફોર્મેટ રમીશ,ટેસ્ટ ક્રિકેટમાં વાપસીની અફવાઓ પર વિરાટે મૌન તોડ્યું



રાંચી,

રાંચીમાં રમાયેલી પહેલી વનડેમાં ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૭ રનથી હરાવ્યું. ભારતની જીતમાં વિરાટ કોહલીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિરાટે શાનદાર બેટિંગ કરી અને સદી ફટકારી. આ ઈનિંગને કારણે, ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા માટે ૩૫૦ રનનો લક્ષ્યાંક રાખવામાં સફળ રહી. વિરાટ કોહલીને આ શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. આ એવોર્ડ જીત્યા પછી, વિરાટ કોહલીએ ટેસ્ટમાં વાપસીની અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું છે.

રાંચી વનડેમાં કોહલીએ ૧૩૫ રનની ધમાકેદાર ઈનિંગ રમી. તેણે ૧૨૦ બોલનો સામનો કર્યો અને ૧૧ ચોગ્ગા અને સાત છગ્ગાની મદદથી ૧૩૫ રન બનાવ્યા. આ વિરાટ કોહલીની વનડે ક્રિકેટમાં ૫૨મી સદી છે. મેચ પછી, તેને મેચ પછીના પ્રેઝન્ટેશનમાં પૂછવામાં આવ્યું કે શું તે ફક્ત એક જ ફોર્મેટ રમવાનું ચાલુ રાખશે. આનો જવાબ આપતા કોહલીએ કહ્યું, "આવું હંમેશા માટે રહેશે. હું હવે ૩૭ વર્ષનો છું. હું ફક્ત એક જ ફોર્મેટ રમીશ."

વિરાટ કોહલીએ આજની મેચ વિશે કહ્યું કે આવી મેચમાં રમવું સારું લાગે છે. પીચે ૨૦-૨૫ ઓવર સુધી બેટ્સમેનોને સારો ટેકો આપ્યો, ત્યારબાદ તે ધીમી પડી ગઈ. મારો એકમાત્ર હેતુ દરેક બોલ રમવાનો અને ક્રિકેટનો આનંદ માણવાનો હતો. હું ક્યારેય વધારે પડતી તૈયારીમાં માનતો નથી. હું મેચ માટે માનસિક રીતે તૈયારી કરું છું. જ્યાં સુધી મારી ફિટનેસની વાત છે, તે સારી રહી છે, અને પછી હું બેટિંગ વિશે વિચારું છું. જો મને સારું લાગે, તો બધું બરાબર છે.

વિરાટે એ પણ ખુલાસો કર્યો કે તે પરિસ્થિતિને સમજવા માટે ત્રણ દિવસ પહેલા રાંચી પહોંચ્યો હતો. તેણે આગળ કહ્યું, "મેં ૩૦૦ થી વધુ વનડે રમી છે. જો તમે પ્રેક્ટિસ દરમિયાન બોલને સારી રીતે ફટકારી શકો છો, તો બધું બરાબર છે. જો તમે નેટમાં એક કે બે કલાક બેટિંગ કરો છો, તો તમે જાણો છો કે તમે સારું કરી રહ્યા છો. જો તમે ફોર્મમાં નથી, તો તમે નેટમાં વધુ પ્રેક્ટિસ કરવા માંગો છો. તે ઉપરાંત, બધું માનસિક રીતે તૈયાર રહેવા અને રમતનો આનંદ માણવા પર આધાર રાખે છે."

# ૩૪ વર્ષીય ભારતીય ખેલાડી જયદેવ ઉનડકટે નવો રેકોર્ડ બનાવ્યો, સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો

અમદાવાદ,

ભારતના અનુભવી ઝડપી બોલર જયદેવ ઉનડકટએ ૩૦ નવેમ્બરના રોજ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી. અમદાવાદમાં દિલ્હી સામેની મેચમાં, તેણે એક વિકેટ લીધી, જે ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. અગાઉ, આ રેકોર્ડ સિદ્ધાર્થ કૌલના નામે હતો, જેમણે એસએમએટીમાં ૧૨૦ વિકેટ લીધી હતી. એક સમયે ઉનડકટ અને કૌલનો સ્કોર બરાબર હતો, પરંતુ દિલ્હીના કેપ્ટન નીતિશ રાણા (૭૬ રન) ની વિકેટ લઈને, ૩૪ વર્ષીય ભારતીય બોલરે તેની ૧૨૧મી વિકેટ હાંસલ કરી, જે ટી ૨૦ ક્રિકેટમાં તેનો ૨૫૦મો શિકાર બન્યો. રસપ્રદ વાત એ છે કે, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ મેળવનારા બોલરોની ટોચની ૫ યાદીમાં ઉનડકટ સિવાય ચમા મિલિંદ એકમાત્ર સક્રિય ભારતીય બોલર છે. ઉનડકટએ આઈપીએલ ૨૦૧૦ માં ટી ૨૦ માં ડેબ્યૂ કર્યું હતું અને હવે તેણે ૨૦૯ ટી ૨૦ મેચોમાં ૨૫૦ વિકેટ લીધી છે.સૈયદ મુશ્તાક અલી



ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરો

- જયદેવ ઉનડકટ (સૌરાષ્ટ્ર) - ૧૨૧
- સિદ્ધાર્થ કૌલ (પંજાબ) - ૧૨૦
- પીયુષ ચાવલા (ગુજરાત/યુપી) - ૧૧૩
- લખ્માન મેરીવાલા (બરોડા) - ૧૦૮
- ચમા મિલિંદ (હૈદરાબાદ) - ૧૦૭

ઉનડકટ વિરુદ્ધ કૌલ

જયદેવ ઉનડકટએ ૮૩ મેચમાં ૬.૭૯ના ઈકોનોમી રેટ અને ૧૭.૮૧ની સરેરાશથી ૧૨૧ વિકેટ લીધી. દરમિયાન, સિદ્ધાર્થ કૌલે ૮૭ મેચમાં ૭.૦૨ના ઈકોનોમી રેટ અને ૧૮.૨૫ની સરેરાશથી ૧૨૦ વિકેટ લીધી.

# હરાજીમાં જોરદાર બોલી લાગી, જેમાં મોહમ્મદ નઈમ સૌથી મોંઘો ખેલાડી બન્યો, જ્યારે પીયૂષ ચાવલા વેચાયા વિના રહ્યા






નવીદિલ્હી,

તાજેતરમાં, નવી દિલ્હીમાં મહિલા પ્રીમિયર લીગ યોજાઈ હતી, જ્યાં ખેલાડીઓ પર ભારે બોલી લાગી હતી. બાંગ્લાદેશ પ્રીમિયર લીગની હરાજીમાં પણ આવું જ દૃશ્ય જોવા મળ્યું. બાંગ્લાદેશ પ્રીમિયર લીગ ૨૦૨૬ ની હરાજી ૩૦ નવેમ્બરના રોજ યોજાઈ હતી, જેમાં મોહમ્મદ નઈમ સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો. ચિત્તાગોંગ રોયલ્સે નઈમને ૧૦ મિલિયન બાંગ્લાદેશી ટાકા થી વધુ કિંમતે ખરીદ્યો. નઈમ ગયા સિઝનમાં બીપીએલમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો, તેણે ૧૪૩.૯૪ ના સ્ટ્રાઈક રેટથી ૫૧૧ રન બનાવ્યા હતા અને હરાજીમાં બોલી લગાવનાર પ્રથમ ખેલાડી હતો. ભારતના ભૂતપૂર્વ સ્પિનર પીયૂષ ચાવલાએ પણ હરાજીમાં ભાગ લીધો હતો પરંતુ તે વેચાયો ન હતો.રંગપુર રાઈડર્સે તૌહીદ હૃદયોયને ૭૩,૬૦૦ યુએસડી અને લિટન દાસને ૫૬,૦૦૦ યુએસડીમાં ખરીદ્યા હતા. જોકે, શરૂઆતમાં કોઈ ટીમે અનુભવી ખેલાડીઓ મુશફિકુર રહીમ અને મહમુદુલ્લાહ માટે બોલી લગાવી ન હતી. બંને ખેલાડીઓને કેટેગરી બીમાં સમાવવામાં આવ્યા હતા. જોકે, બીસીબીના ડિરેક્ટર અને રંગપુર રાઈડર્સના ચીફ એક્ઝિક્યુટિવ ઈશ્તિયાક સાદિકની વિનંતી પર, બંનેના નામ હરાજી માટે પાછા મૂકવામાં આવ્યા હતા, ત્યારબાદ રંગપુરે મહમુદુલ્લાહને હસ્તગત કર્યો હતો અને રાજશાહી વોરિયર્સે મશફિકુર રહીમને ૩.૫ મિલિયન બાંગ્લાદેશી ટાકા (આશરે ૨૮,૦૦૦ યુએસડી) ની બેઝ પ્રાઈઝ પર હસ્તગત કર્યા હતા.

શ્રીલંકાના દાસુન શનાકા સૌથી મોંઘો વિદેશી ખેલાડી હતો.

# દક્ષિણ આફ્રિકાએ હાર છતાં ચમત્કાર કર્યો, વનડે ક્રિકેટમાં આવું કરનારી પહેલી ટીમ બની



રાંચી,

દક્ષિણ આફ્રિકાની ટીમ ભારત સામેની પહેલી વનડે ૧૭ રનથી હારી ગઈ. આ હારથી ટીમ શ્રેણીમાં ૦-૧થી પાછળ રહી ગઈ. પહેલા બેટિંગ કરતા, ભારતીય ટીમે ૩૪૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના ત્રણ બેટ્સમેનોએ અડધી સદી ફટકારી, પરંતુ ટીમ ફક્ત ૩૩૨ રન જ બનાવી શકી.દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખરાબ રહી, જેમાં રાયન રિકેલ્ટન અને ક્વિન્ટન ડી કોક પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યા. ત્યારબાદ કેપ્ટન એડન માર્કરામ ૭ રન બનાવીને આઉટ થયા. આનાથી દક્ષિણ આફ્રિકાએ માત્ર ૧૧ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી, જેના કારણે તેમનો પરાજય અનિવાર્ય લાગ્યો. જોકે, મેથ્યુ બ્રિજટકે (૭૨), માર્કો જેન્સન (૭૦) અને કોર્બિન વોશ (૬૭) એ અડધી સદી ફટકારી. આ ખેલાડીઓએ લડાયક ઈનિંગ્સ રમી, પરંતુ તેમની ટીમને વિજય તરફ દોરી શક્યા નહીં.દક્ષિણ આફ્રિકા ૧૫ રનથી ઓછા સમયમાં પોતાની પહેલી ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ લક્ષ્યનો પીછો કરતી વખતે ૩૦૦ રનનો આંકડો પાર કરનારી પ્રથમ ટીમ બની. અગાઉ, પાકિસ્તાને ૨૦૧૯ માં હેડિંગ્લી ખાતે ઇંગ્લેન્ડ સામે ૨૯૭ રન બનાવ્યા હતા. તે સમયે, પાકિસ્તાની ટીમે માત્ર ૭ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. હવે, દક્ષિણ આફ્રિકાની ટીમે હાર્યા પછી પણ શાનદાર પ્રદર્શન કર્યું છે.ભારતીય ટીમ માટે, કુલદીપ યાદવે મેચમાં સૌથી વધુ ચાર વિકેટ લીધી. હર્ષિત રાણાએ પણ ત્રણ વિકેટ લીધી, જ્યારે અર્શદીપ સિંહે બે વિકેટ લીધી. આ બોલરોના કારણે ભારતીય ટીમ મેચ જીતવામાં સફળ રહી. આ પહેલા વિરાટ કોહલીએ મજબૂત સદી ફટકારી અને ભારત માટે ૧૩૫ રનની ઈનિંગ રમી. રોહિત શર્મા (૫૭ રન) અને કેએલ રાહુલ (૬૦ રન) એ પણ અડધી સદી ફટકારી. કોહલીને તેના ઉત્તમ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.

# ધનુષ પુણેના સ્ટ્રીટ ફૂડનો દિવાનો મસાલેદાર મરચાં ખાધા



મુંબઈ,

ધનુષ અને કૃતિ સેનન આ દિવસોમાં તેમની ફિલ્મ "તેરે ઈશ્ક મેં" માટે સતત સમાચારમાં છે. ધનુષ અને કૃતિ પ્રમોશન માટે પુણેમાં છે. આ સમય દરમિયાન, બંનેએ પુણેના સ્ટ્રીટ ફૂડનો આનંદ માણ્યો. ધનુષે તેની સોશિયલ મીડિયા સ્ટોરી પર આનો એક ખાસ વીડિયો શેર કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા.

ધનુષે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર બે મજેદાર વીડિયો શેર કર્યા, જેમાં ધનુષ અને આનંદ એલ. રાય કારમાં વડાપાંવ ખાતા દેખાય છે. આ વીડિયોમાં, કૃતિએ પૂછ્યું, "તમને તે ગમ્યું?" ધનુષે જવાબ આપ્યો, "અદ્ભુત, અદ્ભુત." કારની પાછળની સીટ પર બેઠેલા આનંદ એલ. રાયએ જવાબ આપ્યો, "તે અદ્ભુત છે." આ પોસ્ટ સાથે, કૃતિએ લખ્યું, "પુણે આવો, ખોરાક ખાઓ. ખોરાકના પ્રેમમાં પડી જાઓ." બીજી ક્લિપમાં, કૃતિ ટિકીની રાહ જોતી જોવા મળી અને લખ્યું, "મને ટિકી જોઈએ છે."

કૃતિએ તેના પાત્ર, "મુક્તિ" ને તેણે ભજવેલી સૌથી મુશ્કેલ અને તીવ્ર ભૂમિકા તરીકે વર્ણવી. દર્શકો તેના અભિનયને પસંદ કરી રહ્યા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "મારું હૃદય ખુશીથી ભરાઈ જાય છે... જ્યારે દર્શકો તમારા પાત્રની દરેક લાગણી, નાની કે મોટી, સમજે છે, ત્યારે તે સૌથી સુંદર લાગણી છે. મુક્તિ મારા જીવનનું સૌથી સ્તરીય પાત્ર છે. તમારા બધા પ્રેમ માટે આભાર.""તેરે ઈશ્ક મેં" ૨૮ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તે આનંદ એલ. રાય દ્વારા દિગ્દર્શિત એક મ્યુઝિકલ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મ આનંદ એલ. રાય, હિમાંશુ શર્મા, ભૂષણ કુમાર અને કૃષ્ણ કુમાર દ્વારા સહ-નિર્માણ કરવામાં આવી છે.

# આયુષ્માન અને રશ્મિકાની થામાની સફર થંભી ગઈ




## થામાની સ્ટાર કાસ્ટમાં નવાઝુદ્દીન સિદ્દીકી પણ આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના સાથે મુખ્ય ભૂમિકા ભજવશે

મુંબઈ,

આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદન્નાની હોરર-કોમેડી ફિલ્મ, થામા, દિવાળીના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો હતો. દિવાળી પછી આ ફિલ્મ ખૂબ જ સફળ રહી હતી, પરંતુ હવે તે બોક્સ ઓફિસ પર તેની ગતિ ગુમાવી ચૂકી છે. થામાનું છેલ્લું વર્લ્ડવાઈડ કલેક્શન પણ રિલીઝ થઈ ગયું છે. શરૂઆતના દિવસે મજબૂત દેખાવ પછી, ફિલ્મ ઝડપથી ૧૦૦ કરોડ ક્લબમાં જોડાઈ ગઈ. "થામા" ના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો, તેણે પહેલા દિવસે ૨૩ કરોડની કમાણી કરી હતી. તે મંગળવારે રિલીઝ થઈ હતી, એક અઠવાડિયા પછી, અને આમ, ફિલ્મે ૧૦ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી કરી હતી. તે પછી, ફિલ્મની કમાણીમાં ઘટાડો થવા લાગ્યો. બીજા અઠવાડિયામાં, તેણે ૧૭.૨૫ કરોડ, ત્યારબાદ ત્રીજા અઠવાડિયામાં ૫.૫૦ કરોડ અને ચોથા અઠવાડિયામાં ૧.૨૫ કરોડની કમાણી કરી.થામાના કલેક્શન વિશે વાત કરીએ તો, તેણે ૧૨૬ કરોડ ચોખ્ખા અને ૧૫૧ કરોડની કમાણી કરી. તેનો વિદેશી કલેક્શન ૧૭૬.૫૦ કરોડની કમાણી પર બંધ થયો. થામાના બજેટની વાત કરીએ તો, તે ૧૪૫ કરોડમાં બની હતી. ફિલ્મે તેના બજેટ કરતાં વધુ કમાણી કરી છે.થામાની સ્ટાર કાસ્ટમાં નવાઝુદ્દીન સિદ્દીકી પણ આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદન્ના સાથે મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ફિલ્મ મેડોકના હોરર-કોમેડી બ્રહ્માંડનો એક ભાગ છે. ચાહકો આ બ્રહ્માંડમાં આગામી ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હોરર-કોમેડી એક લોકપ્રિય શૈલી છે અને બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરે છે.

# આજની પેઢી વધુ પડતી સ્માર્ટ થઈ ગઈ લગ્નનો ખ્યાલ જૂનો થઈ ગયો : જયા બચ્ચન





મુંબઈ,

બોલીવુડની દિગ્ગજ અભિનેત્રી અને રાજયસભા સાંસદ જયા બચ્ચન ફરી એકવાર તેમના સ્પષ્ટવક્તા નિવેદન માટે સમાચારમાં છે. દરેક મુદ્દા પર તેમના સ્પષ્ટવક્તા અને બોલ્ડ મંતવ્યો માટે જાણીતા જયા બચ્ચન તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી જ્યાં તેમણે લગ્ન પરના તેમના મંતવ્યો શેર કર્યા હતા, જેના કારણે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ૭૭ વર્ષીય જયા બચ્ચને કહ્યું કે આજની પેઢી માટે લગ્નનો ખ્યાલ જૂનો થઈ ગયો છે અને તે નથી ઈચ્છતી કે તેની પૌત્રી નવ્યા નવેલી નંદા લગ્ન કરે.

આ કાર્યક્રમમાં "વી ધ વુમન" ફોરમ દરમિયાન, જયા બચ્ચનને લગ્નની સંસ્થાકીય વ્યવસ્થા, આધુનિક સંબંધો અને નવી પેઢીની માનસિકતા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેણીએ સ્પષ્ટપણે જવાબ આપ્યો. તેણીએ કહ્યું કે આજના યુવાનો ખૂબ જ બુદ્ધિશાળી અને સ્વતંત્ર બન્યા છે. તેઓ પોતાના નિર્ણયો લેવા સક્ષમ છે, અને તેથી, તેમના પર પરંપરાગત વિચારસરણીનું દબાણ ન હોવું જોઈએ. જયા બચ્ચને પણ સ્વીકાર્યું કે તે તેના સમયની મર્યાદિત વિચારધારા અને સામાજિક મર્યાદાઓને કારણે ઘણી બધી બાબતો કરી શકતી ન હતી, પરંતુ તે આજની પેઢીને વધુ સ્વતંત્ર બનતી જોઈને ખુશ છે.જયા બચ્ચને કહ્યું કે તે નથી ઈચ્છતી કે નવ્યા નવેલી લગ્ન કરે. તેમના નિવેદનની સોશિયલ મીડિયા પર વ્યાપક ચર્ચા થઈ. લગ્નની સરખામણી "દિલ્હી કે લડુ" નામની પ્રખ્યાત કહેવત સાથે કરતા, જયાએ કહ્યું કે જો તમે લગ્ન કરો છો, તો મુશ્કેલીઓ આવશે, અને જો તમે નહીં કરો તો પસ્તાવો થશે - બંને રસ્તા પડકારજનક છે. લગ્ન પહેલા બાળકો પેદા કરવા પર પોતાનો અભિપ્રાય આપતા, જયા બચ્ચને કહ્યું કે પ્રેમ એ સંબંધનો મુખ્ય પાયો છે અને કોઈપણ નિર્ણયનો પાયો હોવો જોઈએ.

# ગીતાજયંતી ઉપક્રમે ખંભાળિયામાં ગીતા મહોત્સવ કાર્યક્રમ યોજાયો





દ્વારકા : ગીતા જયંતી- માર્ગશીર્ષ શુક્લ એકાદશીના દિવસે દેવભૂમિ દ્વારકામાં જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ યોજાયો હતો. જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો આ ઉત્સવ ખંભાળિયા ખાતે ટાઉનહોલમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.


સમૂહ શ્લોકગાન, દીપ પ્રાગટ્ય અને શ્રીમદ્ ભગવદ્ ગીતા પૂજન દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વક્તવ્ય દ્વારા સંસ્કૃત સંવર્ધન માટે રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. મહાનુભાવોનું સ્વાગત ગીતાનો ગ્રંથ આપીને કરવામાં આવ્યું હતું.

ખંભાળિયા કથક કલા કેન્દ્રની બાળાઓ દ્વારા નૃત્ય, એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, પુરુષાર્થ શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા નાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગીતા કંઠ પાઠ રજૂ કર્યો હતો, સ્પર્ધામાં જોડાયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

નોંધનીય છે કે, રાજ્ય સરકારના 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ' દ્વારા સંસ્કૃત અને ગીતાના જ્ઞાનને લોકો સુધી પહોંચાડવાના હેતુથી ગીતા મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, વિવિધ સંસ્કૃત પાઠશાળાઓના વિદ્યાર્થીઓ, સંસ્કૃત પ્રાધ્યાપકો અને ગીતાઅનુરાગીઓ જોડાયા હતા.

### વર્ષ ૨૦૨૬ના પ્રારંભથી અમદાવાદ ખાતે

# શ્રીકૃષ્ણ જીવન આધારિત મેગા મ્યુઝીકલ ઈવેન્ટ 'રાજાધિરાજ યાત્રા કૃષ્ણ લીલા આપ કે દ્વાર'






દ્વારકા : ભગવાન શ્રીકૃષ્ણના જીવન આધારિત વિશ્વની પ્રથમ મેગા મ્યુઝીકલ ઈવેન્ટ 'રાજાધીરાજ લાઈફ એન્ડ લીલા'ને દેશના મહાનગરોમાં મળેલી અપાર લોકચાહના બાદ આગામી વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં ફરી એકવાર ભગવાન શ્રીકૃષ્ણના જીવન આધારિત પ્રસંગો પર મેગા મ્યુઝીકલ ઈવેન્ટ અમદાવાદના સોલા ખાતે યોજવામાં આવનાર છે.

અમદાવાદના સોલા ખાતેના ઔડા ઓડીટેરીયમમાં તા.૨ જાન્યુઆરી, ૨૦૨૬ ને શુક્રવારથી તા.૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ને રવિવાર સુધી દરરોજ સાંજે ૭:૦૦ વાગ્યાથી યોજાનાર આ મેગા મ્યુઝીકલ ઈવેન્ટની થીમ 'રાજાધિરાજ યાત્રા કૃષ્ણ લીલા આપ કે દ્વાર'ના પ્રોમોઝ ઈન્સ્ટાગ્રામ, ફેસબુક સહિતના સોશ્યલ મીડીયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે તે જોતા આ વર્ષે પણ આ મેગા મ્યુઝીકલ ઈવેન્ટની અનોખી આવૃતિનો અનુભવ કરવા કૃષ્ણભકતો થનગની રહયા છે. ત્યારે આ ઈવેન્ટને ગુજરાતના અમદાવાદ ખાતે અપાર સફળતા પ્રાપ્ત થશે તેવું જણાઈ રહ્યુ છે.

# કલેક્ટર કચેરીના મામલતદાર સવસાણી કારકિર્દી પૂર્ણ કરી સેવા નિવૃત્ત થયા




જામનગર : જામનગર જિલ્લો કલેક્ટર કચેરીમાં ચિટનીશ ટુ કલેક્ટર તરીકે ફરજ બજાવતા વરિષ્ઠ મામલતદાર બી.ટી.સવસાણી તા.૨૯ નવેમ્બરના રોજ સરકારી સેવામાંથી વયનિવૃત્ત થતાં જિલ્લા મહેસૂલી તંત્રમાં એક ભાવવાહી વિદાય સમારોહ યોજાયો હતો. સવસાણીએ ૩૯ વર્ષ કરતાં વધુ સમય સુધી રાજ્ય સરકારની નિષ્ઠાપૂર્વક સેવા કરીને પોતાની ગૌરવશાળી કારકિર્દી પૂર્ણ કરી સેવા નિવૃત્ત થયા છે.

તેમની નિવૃત્તિ પ્રસંગે જામનગર જિલ્લા મહેસૂલી તંત્ર વતી નિવાસી અધિક કલેક્ટર ભાવેશ ખેર દ્વારા તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. અધિક કલેક્ટરએ આ પ્રસંગે સવસાણીના ઉત્કૃષ્ટ યોગદાનની પ્રશંસા કરીને તેમને નિરોગી, સુખમય અને દીર્ઘ નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

કલેક્ટર કચેરીના તમામ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ જિલ્લાની અન્ય મહેસૂલી કચેરીઓના સ્ટાફ દ્વારા બી.ટી.સવસાણીની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ૩૯ વર્ષથી વધુ સમયની અમૂલ્ય સેવાને બિરદાવવામાં આવી હતી.

મહેસૂલી તંત્રના સાથીદારોએ તેમને ભાવભરી વિદાય આપી અને તેમની આગામી જીવનયાત્રા સુખમય નીવડે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

## દ્વારકાધીશને શીશ ઝુકાવતા રાજ્યમંત્રી છાંગા



રાજ્યના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ દ્વારકાના જગત મંદિર ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમજ રાજ્યના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. દ્વારકાધીશ મંદિર ખાતે જિલ્લા શિક્ષણાધિકારી હર્ષવર્ધનસિંહ જાડેજા અને મામલતદાર અનિલ ભેડાએ તેમને દ્વારકાધીશની છબી આપીને આવકાર્યા હતા.

## આરંભડા સતવારા સમાજનું ગૌરવ



મીઠાપુર : ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ૧૫૦૦ મીટરની દોડ માં અંડર-૧૭ કેટેગરીમાં મધુડીયા યાજ્ઞિક નરસીભાઈ એ પ્રથમ સ્થાન મેળવીને પરિવાર, ગામ અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે. તેઓને સમાજ દ્વારા શુભેચ્છા પથવવામાં આવી છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ગીતા જયંતિ નિમિત્તે ઠાકોરજીના ચરણોમાં ગીતાજી અર્પણ



કુરૂક્ષેત્રની રણભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આપેલ ધર્મોપદેશ આધારીત ગ્રંથ એટલે ભગવદ્ ગીતા. ગીતાજી એ વિશ્વનું એક માત્ર ગ્રંથ છે જેની જયંતી ઉજવાય છે. શ્રીકૃષ્ણે અર્જુનને આપેલ ઉપદેશને આજે ૫૧૬૨ વર્ષ થયા હોય જે અનુસંધાને દેશભરમાં ગીતા જયંતિની ઊજવણી કરવામાં આવી રહી છે. દ્વારકાધીશ જગતમંદિરમાં પણ આજરોજ ઠાકોરજીના શ્રીચરણોમાં ભગવદ ગીતાની પધરામણી વારાદાર પૂજારી દ્વારા કરવામાં આવી હતી.

# ધ્રોલ તાલુકા પંચાયત ઉપપ્રમુખના પુત્રના લગ્નોત્સવમાં રાજકીય મહાનુભાવોની ઊપસ્થિતિ



ધ્રોલ : ધ્રોલ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ યુવા નેતા, બ્રિજરાજસિંહ જાડેજાના પુત્ર ચિ. કર્મદિપસિંહ અને ચિ. શુભ પ્રતિજ્ઞાબા સાથે લગ્નનું ભવ્ય આયોજન ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામે કરવામાં આવ્યું હતું. બ્રિજરાજસિંહ જાડેજાના નિવાસસ્થાને યોજાયેલા આ ભવ્ય સમારોહને કારણે ધ્રોલ પંથકમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો. આ પ્રસંગે ધ્રોલના આંગણે શરણાઈના સૂર ગુંજ્યા હતા, જેમાં અનેક રાજકીય અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારો અને સામાજિક આગેવાનોએ ખાસ ઉપસ્થિતિ આપી નવદંપતીને આશીર્વાદ અર્પણ કર્યા હતા.

આ લગ્ન સમારોહમાં જામનગર જિલ્લા ભાજપ સંગઠનના નેતાઓ ઊપસ્થિત રહ્યા હતા. જેમાં પૂર્વ કેબિનેટ કૂર્ષી મંત્રી રાધવજીભાઈ પટેલ, જામનગર જિલ્લા પ્રમુખ વિનુભાઈ ભંડેરી, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ રમેશભાઈ મુંગરા (ગુરુજી), જિલ્લા મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ ધરમશીભાઈ ચનિયારા, સોશિયલ મીડિયા કન્વીનર ભૌવદીપ પંડ્યા, જિલ્લા પંચાયત સદસ્ય લગધીરસિંહ જાડેજા, જિલ્લા ઉપાધ્યક્ષ ડી.ડી. જીવાણી, ધ્રોલ તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ નવલભાઈ મુંગરા, ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપસિંહ જાડેજા, રાવતભાઈ શિયાર, અને ધ્રોલ શહેર ભાજપના પ્રમુખ હિરેન કોટેચા, વિક્રમભાઈ વરુ, કારુભાઈ વરુ, સમીરભાઈ શુક્લ, અરવિંદ હિન્સુ, કે.પી ભીમાણી, ઋતુલ ગડારા, તુષાર ભાલોડીયા, ભગીરથસિંહ જાડેજા, સી.એમ. વરુ, મહેશ ચીખલીયા, સહીત અનેક અગ્રણીઓએ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીને સુખી, સમૃદ્ધ અને મંગલમય લગ્નજીવન માટે શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

# દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ડોક્ટરોને ટીબી રોગના નિદાનમાં જોડવાનો નવતર પ્રયાસ

જામનગર : ટીબી (ક્ષય રોગ) નાબૂદીના રાષ્ટ્રીય લક્ષ્યને હાંસલ કરવા માટે જનભાગીદારી સર્વોપરી છે. આ જ ઉદ્દેશ સાથે, જામનગર તાલુકાના દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં બેઠકનું આયોજન કરી સ્થાનિક ડોક્ટરોને ટીબી રોગના નિદાનમાં સક્રિય રીતે જોડવા પ્રયાસ કરાયો હતો.

દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં મોટી સંખ્યામાં બહારના પ્રવાસી શ્રમિકો મજૂરી અર્થે આવતા હોવાથી આ સમુદાયમાં ટીબી કે અન્ય રોગોની જાગૃતિનો અભાવ અથવા રોગની ગંભીરતા વિશે ઓછું જ્ઞાન હોય છે. પરિણામે નાની તકલીફો માટે પણ તેઓ અલગ-અલગ જગ્યાએથી સારવાર લેતા હોય છે. ઘણીવાર ટીબીના લક્ષણો હોવા છતાં, જુદી-જુદી જગ્યાએથી સારવાર લેવાને કારણે રોગનું નિદાન મોડું થાય છે અથવા થતું જ નથી. નિદાનમાં વિલંબ થવાથી રોગ વણસી શકે છે, સાજા થવાનો દર ઘટી શકે છે, અને ક્યારેક દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે. આ ગંભીરતાને સમજીને, ટીબીના દર્દીનું વહેલું નિદાન અને તાત્કાલિક સારવાર શરૂ કરવી એ ખૂબ જરૂરી છે.

ટીબીના વહેલા નિદાનના ઉદ્દેશ સાથે, દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના ૧૫ જેટલા ડોક્ટરોની તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી હતી.અને આ ડોક્ટરોને "ઈનફોર્મર" તરીકે સક્રિય રીતે જોડીને એક મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

જો કોઈ પ્રાઈવેટ ડોક્ટર પાસે ટીબીના લક્ષણો ધરાવતો શંકાસ્પદ દર્દી આવે અને ડોક્ટરને ટીબી રોગનું અનુમાન થાય, તો તેઓ દર્દીને તુરંત નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં રીફર કરશે. આ રીફરલના કારણે ટીબી રોગનું વહેલું નિદાન શક્ય બનશે. પ્રોત્સાહન તરીકે, જો રીફર કરેલ દર્દીને ટીબી પોઝીટીવ આવશે, તો ડોક્ટરને ઈનફોર્મર તરીકે રૂ.૫૦૦ મળવાપાત્ર થશે. આ ભાગીદારીથી દરેડ વિસ્તારના લોકોને ટીબી રોગનું વિનામૂલ્યે નિદાન અને સંપૂર્ણ સારવાર સરળતાથી મળી રહેશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ અને ઈન્ચાર્જ જિલ્લા ક્ષય અધિકારી ડો. ધીરેન પીઠડીયાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જિલ્લા પી.પી.એમ. કોર્ડીનેટર ચિરાગ પરમાર દ્વારા ડોક્ટરોને ટીબી રોગના સચોટ નિદાન, સારવારની પદ્ધતિઓ અને ભારત સરકારની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ટીબી ઉપરાંત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડના આયુષ ડો. મકવાણાએ ડોગ બાઈટ વિશે અને અન્ય મુંઝવતા પ્રશ્નોના જવાબો આપીને ડોક્ટરોનું માર્ગદર્શન કર્યું.

આ સમગ્ર કાયક્રમને સફળ બનાવવા માટે દરેડ સુપરવાઈઝર પંડ્યા, ટીબી હેલ્થ વિઝીટર ઈરફાનભાઈ શેખ, આરોગ્ય કર્મચારીઓ વિજય સોંદરવા અને રામદે જમોડ, તેમજ દરેડ વિસ્તારના પ્રેસીડેન્ટ ડોક્ટર સમીર અગ્રાવત સહિતની ટીમે સઘન પ્રયાસો કર્યા હતા.

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શિક્ષણમંત્રીનું સન્માન



જામનગર : જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના રાજ્ય કક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતાના મંત્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાને સન્માનવાનો એક કાર્યક્રમ ચેમ્બરની કારોબારી સમિતિના સભ્યઓ, સંસ્થાના પૂર્વ પ્રમુખ તથા સંસ્થાના સંલગ્ન સર્વે એસોસીએશન્સ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ રમણીક પી. અકબરી એ ચેમ્બરના આમંત્રણને માન આપીને પધારેલ રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી તથા ઉપસ્થિત કારોબારી સમિતિના સભયશ્રીઓ, પૂર્વ પ્રમુખો, ચેમ્બર સંલગ્ન એસોસીએશન્સના પ્રમુખો તથા હોદ્દેદારોનું તથા ખાસ નિમંત્રીત સભ્યોનું શબ્દોથી સ્વાગત કરેલ હતું. તેમજ આપણા જામનગરના ૭૮ વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજા ગુજરાત રાજયના મંત્રી મંડળમાં શિક્ષણ મંત્રી તરીકે સ્થાન પામતા આનંદ સાથે હર્ષની લાગણી વ્યક્ત કરતાં હાર્દિક અભિનનંદન પાઠવેલ હતા.

આ તકે ચેમ્બર પ્રમુખ રમણીક પી. અકબરી એ આજની શિક્ષણ નીતિ વિષે સૂચનો કરેલ હતા જેમાં સરકારની ક્ધયા શિક્ષણ યોજનાઓ જેવી કે, નમો સરસ્વતી, નમો લક્ષ્મી વિગેરે યોજનાઓ ના સરળ અમલીકરણ કરાવવા, તેમજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય નો વ્યાપ વધારવા તેમજ હાલ મેદાન વગરની શાળાઓનું પ્રમાણ વધારે હોવાથી મેદાનની પ્રવૃતિઓના અભાવે યુવાનોની શારીરિક કૌશલ્યતા બાબત ચિંતા વ્યક્ત કરેલ હતી. સાથે સાથે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક જાગૃતતા લાવવા અને સરકારની શિક્ષણ નીતિ ૨૦૨૦નું સૂચારું રીતે અમલીકરણ થાય તે માટે વિવિષ સૂચનો કરેલ હતા. તેમજ શિક્ષણ ની સાથે સાથે જામનગર ના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો જેવા કે જીએસટી બાયોમેટ્રિક્સ તેમજ જીઆઈડીસીમાં પ્લોટ /શેડ ટ્રાન્સફર સમયે જૂની અસરથી વસૂલ કરવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટી ના નિરાકરણ માટે પણ સાથ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરેલ હતી.

આ તકે ચેમ્બરના માનદ સહમંત્રી સીએ ભાવિકભાઈ એચ.ધોળકીઆએ ચેમ્બરનો પરિચય તથા ઉપસ્થિત સભ્યોએ પરિચય આપેલ હતો. તથા શિક્ષણ મંત્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાનો પરિચય ચેમ્બરના માનદ ખજાનચી તુષારભાઈ રામાણીએ આપેલ હતો. મંત્રીનું પુષ્પગુચ્છથી ચેમ્બરના પ્રમુખ રમણીક પી. અકબરી, ઉપપ્રમુખ અજેશ વી. પટેલ માનંદ મંત્રી, કૃણાવ વી. શેઠ માનદ સહમંત્રી સીએ ભાવિકભાઈ એચ. ધોળકિઆ, માનદ ખજાનચી તુષારભાઈ વી. રામાણી, માનદ સંપાદક કેયૂરભાઈ સી. ખટ્ટર પૂર્વ પ્રમુખ તુલસીભાઈ વી.ગજેરા, કિરીટભાઈ પી. મહેતા, લાખાભાઈ એમ. કેશવાલા તેમજ ઉપસ્થિત સલગ્ન એશોશીએશન વતીથી જામનગર ફેક્ટરી ઓનર્સ એશોશીએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયા, ઘી સીડ્સ એન્ડ ગ્રેઈન મર્ચન્ટ એશોશીએશનના પ્રમુખ લક્ષ્મીદાસભાઈ રાયઠઠા, શ્રી જામનગર સહકારી ઉદ્યોગનગર સંઘ લિમિટેડના માનદ મંત્રી વિજયભાઈ મહેતા. જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એશોશીએશનના પ્રમુખ વિષ્ણુભાઈ પાંભર જામનગર હાર્ડવેર મેન્યૂફેક્ચર એશોશીએશનના ભાઈલાલભાઈ ગોધાણી, જામનગર મોટર મર્ચન્ટ એશોશીએશનના મંત્રી મુસ્તુફાભાઈ કપાસી જામનગર ગુડ્સ ટ્રાન્સપોર્ટ એન્ડ કમિશન એજન્ટ એશોશીએશનના પ્રમુખ મહાદેવસિંહ રાણા જામનગર બાંધણી હસ્તકલા એસોસિએશનના પ્રમુખ વિબોધભાઈ શાહ, થી જામનગર ટેક્સ બાર એસોસીએશનના પ્રમુખ પ્રેમ ઠક્કર શ્રી જામનગર શેર હોલ્ડર્સ એસોસીએસન વતી શ્રેણિક એમ મહેતા, જામનગર ટેક્સ ક્ધસલ્ટન્ટ એસોસીએશન વતી કમલેશ રૂપારેલ, જામનગર એફએમસીજી ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિએશનના પ્રમુખ વ્યોમેશભાઈ લાલ જામનગર એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએસનના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ જોશી તથા જામનગર એમ.એફ.ડી એસોસીએસનના અપૂર્વ રાઠી દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

આ સન્માન સમારંભમાં રાજય કક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ તેમનો પ્રતિભાવ આપતા જણાવેલ કે ચેમ્બર દ્વારા એક પારિવારિક માહોલમાં આ સત્કાર સમારંભ યોજવામાં આવેલ છે. આથી દરેક ક્ષેત્રના લોકોને મળવાની તક મળે છે. પ્રથમ વખત ધારાસભ્ય અને પ્રથમ વખત મંત્રી તરીકેની જવાબદારી સંભાળેલ છે. ધારાસભ્યના કાર્યકાળમાં જ જામનગર શહેરનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ મંજૂર કરાવેલ તથા શિક્ષણ ક્ષેત્રે ખંભાળિયા, દ્વારકા અને જામનગર માટે ડિપ્લોમા પોલિટેકનિક કોલેજ તથા આઈ ટી આઈ તેમજ ડીગ્રી કોલેજની જે માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે. જામનગર બાંધણી ઉદ્યોગ સાથે સંકળાયેલ છે જે રીતે કચ્છ માં ત્યાંની બાંધણી પ્રોડકટ નું મહત્વ છે તે રીતે જામનગરમાં પણ બાંધણી ઉદ્યોગના વિકાસ માટે પણ પ્રયાસો કરીશું. ભૂમિ (જગ્યા) ના પ્રભાવ ને લીધે જે તે રાજ્યના વેપાર -ઉદ્યોગ તથા ભણતર નો આધાર હોય છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ ના વિકસિત ભારતના સ્વપ્ન ને સાકર કરવા સ્કિલ ડેવલપમેન્ટ, લીડરશિપ ક્વોલિટી, સ્ટાર્ટઅપને વેગ આપવો જરૂરી છે.

ચેમ્બર દ્વારા વિવિધ વેપાર- ઉધોગ ના સૂચનો કરવામાં આવતા હોય છે જેમાં ખાસ કરીને જીએસટી ના બાયોમેટ્રિક્સ માટે મળેલ રજૂઆત અનુસાર રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ સાથે લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે. અને ટૂંક સમયમાં તેનું નિરાકરણ આવી જશે તેવી ખાત્રી આપેલ છે. સભાગૃહ દ્વારા શિક્ષણ ને લગત ઘણી રજૂઆતો તથા ચર્ચા - વિચારણા કરવામાં આવેલ હતી. જેના શિક્ષણ મંત્રી રિવાબા એ હકારાત્મક પ્રત્યુતર સાથે તેના અમલીકરણ માટે પ્રયાસો કરવા ખાત્રી આપલે હતી.

## હેપ્પી બર્થ-ડે

### જામનગર-દ્વારકા ઓબીસી પ્રદેશ ઉપાધ્યક્ષ ગિરીશભાઈ અમેથિયાનો આજે જન્મિદન



પ્રભારી ૧૨ લોકસભા જામનગર દેવભૂમિ દ્વારકા ઓબીસી પ્રદેશ ઉપાધ્યક્ષ ગિરીશભાઈ અમેથિયાનો આજે જન્મ દિવસ છે. તે ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારા ઉપાધ્યક્ષ શ્રી વિશ્વકર્મા સમાજ સંઘ જામનગર ટ્રસ્ટી, અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ બરોડા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, ભારતીય હિંદુ પરિષદ પુર્વ પ્રમુખ વાટલીયા પ્રજાપતિ યુવક મંડળ જામનગર સલાહકાર તથા સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ ગુજરાતના અગ્રણી છે.

## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી (હાલ પુણે) લક્ષ્મીદાસ ગોરધનદાસ વિઠલાણી તા. ૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નિરુપમાબેન લક્ષ્મીદાસ વિઠલાણીના પતિ, મથુર લક્ષ્મીદાસ વિઠલાણી અને અમિત લક્ષ્મીદાસ વિઠલાણીના પિતાશ્રી તેમજ ધારા મયુર વિઠલાણી, ભાવિની અમિત વિઠલાણી ના સસરા થાય. સદગતનું બેસણું તથા મોસાળ પક્ષની સાદડી તા.૪/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૪ થી ૪:૩૦, પાબારી હોલ, જામનગર ખાતે રાખેલ છે.

**જામનગર :** જામનગર નિવાસી સ્વ. વાલજીભાઈ હરિશંકર પંડયાના પત્ની ગં.સ્વ.દેવકુંવરબેન (ઉ.વ. ૧૦૨) તેઓ સ્વ. કાંતિલાલ, સ્વ. તનસુખલાલ, સ્વ. મુકુંદરાય, સ્વ. દુષ્યંતભાઈ પંડયાના માતા તેમજ સ્વ. રંજનબેન જયંતીલાલ ગોપીયાણી, હસુમતીબેન જયંતીલાલ જોશી તથા ઉષાબેન વાલજીભાઈ પંડયાના માતૃશ્રી, ભરતભાઈ કાંતિલાલ, હિરેનભાઈ કાંતિલાલ, વિપુલભાઈ કાંતિલાલ, નારાયણભાઈ તનસુખલાલ, વિપુલભાઈ મુકુંદરાય, હર્ષભાઈ દુષ્યંતભાઈના દાદી તા. ૨૯ના અવસાન થયેલ છે.

# સુપ્રીમ કોર્ટે સમગ્ર ભારતમાં વધી રહેલા ડિજિટલ એરેરેસ્ટ કૌભાંડના કેસોની તપાસ માટે CBI ને વ્યાપક સત્તાઓ આપી

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઝડપથી વધી રહેલા ડિજિટલ ધરપકડ કૌભાંડ પર તાત્કાલિક રાષ્ટ્રીય સ્તરે ધ્યાન આપવાની જરૂર છે. આ મુદ્દાની સ્વતઃ નોંધ લેતા, કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે ડિજિટલ ધરપકડ કૌભાંડો સંબંધિત તમામ FIR સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ને સોંપવામાં આવે. એજન્સીને અત્યાર સુધી નોંધાયેલા કેસોની તપાસ કરવા અને કૌભાંડ સાથે જોડાયેલી દરેક કડીને અનુસરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે પણ સાયબર છેતરપિંડીમાં ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓ ઓળખવામાં આવશે, ત્યારે ઝૈં ને સંબંધિત બેંકરોની ભૂમિકા તપાસવાની સંપૂર્ણ સ્વતંત્રતા હશે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે સ્પષ્ટ કર્યું કે ઝૈં ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ અધિકારીઓની તપાસ કરી શકે છે જ્યાં પણ કૌભાંડને સરળ બનાવવાના હેતુથી બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે ભારતીય રિઝર્વ બેંકને નોટિસ જારી કરીને, શંકાસ્પદ ખાતાઓને ઓળખવા અને સાયબર ક્રાઈમ સાથે જોડાયેલા ગેરકાયદેસર નાણાંને સ્થિર કરવા માટે કૃત્રિમ બુદ્ધિ અને મશીન લર્નિંગ ટૂલ્સનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે તે નક્કી કરવામાં કોર્ટને મદદ કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે કહ્યું કે મજબૂત છૈં સિસ્ટમ્સ બેંકિંગ ક્ષેત્રમાં છેતરપિંડી શોધનો આધાર બનવી જોઈએ.

કોર્ટે આદેશ આપ્યો હતો કે ઈન્ફર્મેશન ટેકનોલોજી ઈન્ટરમીડિયરી રૂલ્સ ૨૦૨૧ હેઠળના અધિકારીઓ સીબીઆઈને સંપૂર્ણ સહયોગ આપે. જે રાજ્યોએ એજન્સીને સામાન્ય સંમતિ આપી નથી તેમને તેમના અધિકારક્ષેત્રમાં આઈટી એક્ટ હેઠળ ઉદ્ભવતા કેસોમાં ખાસ કરીને સીબીઆઈ તપાસને અધિકૃત કરવા કહેવામાં આવ્યું હતું. બેન્ચે વધુમાં નોંધ્યું હતું કે સીબીઆઈ જ્યારે પણ જરૂર પડે ત્યારે ઈન્ટરપોલ પાસેથી મદદ માંગી શકે છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગને એક જ નામ હેઠળ બહુવિધ સિમ કાર્ડ જારી કરવા અંગે દરખાસ્ત રજૂ કરવા કહેવામાં આવ્યું છે. કોર્ટે કહ્યું કે ટેલિકોમ ઓપરેટરોને સાયબર ક્રાઈમ નેટવર્કમાં સિમ કાર્ડના દુરુપયોગને રોકવા માટે સ્પષ્ટ નિર્દેશો પ્રાપ્ત કરવા જોઈએ.

# ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઉત્તર અને મધ્ય ભારતમાં ઠંડીની આગાહી

નવી દિલ્હી,

ભારતીય હવામાન વિભાગ (IMD) એ શિયાળાના ત્રણ મહિનાના સમયગાળામાં ઠંડીની આગાહી કરી છે, જેમાં મધ્ય ભારત અને નજીકના ઉત્તરપશ્ચિમ અને દ્વીપકલ્પીય પ્રદેશોમાં સામાન્યથી સામાન્ય તાપમાન નીચે રહેવાની શક્યતા છે."સ્ઢ ના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ એક ઓનલાઈન બ્રીફિંગમાં જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, હિમાલયની તળેટીઓ, ઉત્તરપૂર્વીય રાજ્યો અને પૂર્વ અને પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં સામાન્યથી વધુ મહત્તમ તાપમાન જોવા મળી શકે છે.

IMD રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ચાર થી પાંચ દિવસ વધારાના શીત લહેરની સ્થિતિની આગાહી કરી રહ્યું છે. મહાપાત્રાએ સમજાવ્યું કે આ રાજ્યોમાં સામાન્ય રીતે દર વર્ષે ડિસેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે ચાર થી છ શીત લહેર દિવસ જોવા મળે છે. તેમણે ઉમેર્યું, "આગામી શિયાળાની ઋતુ દરમિયાન (ડિસેમ્બર ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬), મધ્ય ભારતના મોટાભાગના ભાગો અને નજીકના દ્વીપકલ્પીય અને ઉત્તરપશ્ચિમ ભારતમાં સામાન્યથી સામાન્યથી નીચે લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. દેશના બાકીના ભાગોમાં સામાન્યથી વધુ લઘુત્તમ તાપમાન નીચે રહેવાની શક્યતા છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે મોટાભાગના પ્રદેશોમાં મહત્તમ તાપમાન સમગ્ર મોસમ દરમિયાન સામાન્યથી સામાન્યથી નીચે રહેવાની ધારણા છે.

આ વર્ષે ઠંડીથી તીવ્ર ઠંડીનો પહેલો તબક્કો સામાન્ય કરતાં વહેલો આવ્યો. ૮ થી ૧૮ નવેમ્બર દરમિયાન પશ્ચિમ, મધ્ય અને નજીકના પૂર્વ ભારતના અલગ અલગ ભાગોમાં, જેમાં ઉત્તરપૂર્વ રાજસ્થાન, દક્ષિણ હરિયાણા, ઉત્તર મધ્ય પ્રદેશ, દક્ષિણ ઉત્તર પ્રદેશ અને ઉત્તર છત્તીસગઢનો સમાવેશ થાય છે, તે નોંધાયું હતું.

## મીશો લિમિટેડનો આઈપીઓ 3 ડિસેમ્બરના રોજ ખુલશે




મીશો લિમિટેડ નો ઈશ્યૂ ૩ ડિસેમ્બર ના રોજ ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૦૫થી રૂ ૧૧૧ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૧૩૫ ઈકવિટી શેર અને ત્યારબાદ ૧૩૫ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૩ ડિસેમ્બર ના રોજ ખુલશે અને ૫ ડિસેમ્બર ના રોજ બંધ થશે.એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગ તારીખ ૨ ડિસેમ્બર રહેશે.

## એકવસ લિમિટેડનો આઈપીઓ 3 ડિસેમ્બરના રોજ ખુલશે




એકવસ લિમિટેડ નો ઈશ્યૂ ૩ ડિસેમ્બર ના રોજ ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૧૮થી રૂ ૧૨૪ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૧૨૦ ઈકવિટી શેર અને ત્યારબાદ ૧૨૦ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૩ ડિસેમ્બર ના રોજ ખુલશે અને ૫ ડિસેમ્બર ના રોજ બંધ થશે.એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગ તારીખ ૨ ડિસેમ્બર રહેશે.

## ઈન્ડીક્યુબેની આવક માં વધારો

ભારત ની In-house વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રદાન કરતી, ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડે આજે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડેના અર્ધ વાર્ષિક પરિણામો અંગે સહ-સ્થાપક અને CE ઋષિ દાસે જણાવ્યું હતું કે, "અમારી ગતિ મજબૂત બની રહી છે કારણકે અમે નાણાકીય વર્ષ ૨૬ ના પહેલા છ મહિનામાં ૬૬૮ કરોડની અમારી અત્યાર સુધીની સૌથી વધુ અર્ધવાર્ષિક આવક નોંધાવી છે. આ આવકનો ૯૬% રિકરિંગ થઈ રહ્યો છે, અને ઓપરેટિંગ રોકડ પ્રવાહ ?૧૫૧ કરોડ સુધી સુધર્યો છે. જે ભવિષ્યના વિકાસ માટે અમારી પાસે મજબૂત પાયો બન્યો છે. ઉપરાંત, Q2 FY26 માટે અમારો છ્ વધીને ?૨૮ કરોડ થયો છે, જે નફાકારક અને સ્થિતિસ્થાપક વ્યવસાય બનાવવા પર અમારા સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. Q2 FY26 માં ૨૧% ના સ્વસ્થ EBITDA માર્જિન સાથે, અમને અમારા માર્જિનમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે અને નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં માટે મજબૂત બંધ થવાની આશા છે.''

## અમદાવાદમાં ખાતે ૫ થી ૯ ડિસેમ્બર દરમિયાન "સ્વદેશોત્સવ ૨૦૨૫"નું આયોજન



અમદાવાદમાં ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ ખાતે ૫ થી ૯ ડિસેમ્બર દરમિયાન "સ્વદેશોત્સવ ૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે. સ્વદેશોત્સવ ૨૦૨૫ નું તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ખુલ્લું મુકવામાં આવશે અને આ મહોત્સવ ૯ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ગુજરાત યુનિવર્સિટી મેદાન, અમદાવાદ ખાતે ચાલશે. આ મહોત્સવનું મુખ્ય ધ્યેય સ્વદેશી ઉત્પાદનોનું પ્રોત્સાહન, સ્થાનિક એમએસએમઈ અને સ્ટાર્ટઅપ ઉદ્યોગોને રાષ્ટ્રીય મંચ પ્રદાન કરવુ અને આત્મનિર્ભર ભારતને ગતિ આપવી છે. આ ઉપરાંત, સ્વદેશોત્સવ માત્ર અર્થતંત્ર કે વેપાર સુધી સીમિત નથી, પણ સંસ્કૃતિ, પરંપરા અને આધુનિક ઉદ્યોગપ્રવૃત્તિને એક જ મંચ પર જોડનારો ભવ્ય મેળો છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, જ્ઞાન સત્રો, ઉદ્યોગ માર્ગદર્શન, પરિવાર માટેના વિશેષ ઝોન અને ખાદ્ય મહોત્સવ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ ઈવેન્ટ સમગ્ર સમાજને જોડશે. આ મહોત્સવનું સરવાળો સ્વરૂપ ભારતની વિવિધતા, ઉદ્યોગશક્તિ અને સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરવાનો છે. સ્થાનિક MSME, ખેડૂતો, મહિલા ઉદ્યોગસાહસિકો અને યુવા સ્ટાર્ટઅપ્સને વિશાળ બજાર અને યોગ્ય ઓળખ મળી રહે તે માટે સ્વદેશોત્સવ એક શક્તિશાળી પ્લેટફોર્મ બનશે. આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહિત કરતી આ પહેલ નવી ઉદ્યોગભાવના, નવીનતા અને પ્રયોગો માટે પ્રેરણાનો સ્ત્રોત બનશે. નવોદિત ઉદ્યોગો માટે માર્ગદર્શન, નેટર્વકિંગ અને વિકાસની તકો પણ આ મહોત્સવના કેન્દ્રમાં રહેશે.

# કેન્દ્ર સરકારે કંપનીઓને મોબાઈલ ફોન અને ડેટા સુરક્ષા માટે 'સંચાર સાથી' એપ પ્રી-ઈન્સ્ટોલ કરવાનો નિર્દેશ આપ્યો

નવી દિલ્હી,

ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) એ તમામ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEM) અને આયાતકારોને એક નિર્દેશ જારી કર્યો છે, જેમાં ભારતમાં ઉત્પાદિત અથવા આયાત કરાયેલા તમામ નવા મોબાઈલ હેન્ડસેટ પર સંચાર સાથી એપ્લિકેશનનું પ્રી-ઈન્સ્ટોલેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.

મીડિયા સુત્રો દ્વારા જોવામાં આવેલા DoT નિર્દેશ અનુસાર, એપ્લિકેશન પ્રથમ ઉપયોગ સમયે દૃશ્યમાન હોવી જોઈએ, તેની કાર્યક્ષમતા અક્ષમ કરી શકાતી નથી. Apple, Oppo, Vivo, Xiaomi અને Samsung જેવા ઁઈસ પાસે આ આવશ્યકતાનું પાલન કરવા માટે ૯૦ દિવસનો સમય હશે.

નિર્દેશ અનુસાર, Apple, Oppo, Vivo, Xiaomi, Samsung જેવા ઁઈસ પાસે નવા મોબાઈલ ફોન પર એપ્લિકેશનને પ્રી-ઈન્સ્ટોલ કરવા માટે ૯૦ દિવસનો સમય હશે.

"એવી ગેરસમજ ફેલાવવામાં આવી રહી છે કે આ એપ્લિકેશનને ડિલીટ કરી શકાતી નથી. આ પાયાવિહોણી છે," DoT ના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

મે ૨૦૨૩ માં સ્થાપિત થયેલ આ પોર્ટલ ખોવાયેલા મોબાઈલ ફોનની જાણ અને બ્લોક કરવાની, દૂષિત વેબ લિંક્સની જાણ કરવાની, વપરાશકર્તાના નામે મોબાઈલ કનેક્શનની સંખ્યા જાણવાની અને બેંકો અને નાણાકીય સંસ્થાઓની વિશ્વસનીય સંપર્ક વિગતો તપાસવાની મંજૂરી આપે છે.

DoTના એક અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે આ આદેશ એ માન્યતા પર આધારિત છે કે તે છેતરપિંડીની જાણ કરવી ખૂબ સરળ બનાવશે.

"હાલમાં, રિપોર્ટિંગનો સમય બદલાય છે કારણ કે વપરાશકર્તાઓને છેતરપિંડી અથવા ચોરાયેલા મોબાઈલ ફોનની જાણ કરવા માટે વેબસાઈટ પર જવું પડે છે," અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે પૂછવામાં આવ્યું કે જો એપ્લિકેશન ઉપકરણ પર જ હોય તો વપરાશકર્તાઓ ખોવાયેલા ફોનની જાણ કેવી રીતે કરશે, ત્યારે અધિકારીએ કહ્યું કે પોર્ટલ "એટલું અદ્યતન" છે કે વપરાશકર્તાઓને તેમનો IMEI નંબર યાદ રાખવાની જરૂર નથી. "સરકાર ઈચ્છતી નથી કે નાગરિકો પર બોજ આવે," અધિકારીએ ઉમેર્યું.

સંચાર સાથી એપ્લિકેશન અન્ય સેવાઓ પ્રદાન કરશે જેમ કે વપરાશકર્તાના નામે જારી કરાયેલા મોબાઈલ કનેક્શન તપાસવા, હેન્ડસેટ અસલી છે કે નહીં તે ચકાસવા અને શંકાસ્પદ સંદેશાવ્યવહાર અથવા સ્પામની જાણ કરવી. વેબસાઈટથી વિપરીત, એપ્લિકેશનને ફોન પર OTP ચકાસણીની જરૂર રહેશે નહીં.

"આ સમય બચાવે છે અને છેતરપિંડીના કિસ્સાઓમાં, થોડીક સેકન્ડ પણ મહત્વપૂર્ણ છે," અધિકારીએ જણાવ્યું હતું.

ઢ્ઢ અનુસાર, છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં સાયબર છેતરપિંડીને કારણે લગભગ ?૩૫,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. અધિકારીએ જણાવ્યું હતું કે વિભાગ આ નિર્દેશના અમલીકરણમાં ઁઈસ્જ પાસેથી સંપૂર્ણ સહયોગની અપેક્ષા રાખે છે.

# બાંગ્લાદેશની કોર્ટે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના, તેમની ભત્રીજી અને બ્રિટિશ સાંસદ ટ્યૂલિપ સિદ્દીકને જમીન કૌભાંડ કેસમાં દોષિત ઠેરવ્યા

ઢાકા,

બાંગ્લાદેશની એક કોર્ટે સોમવારે જમીન કૌભાંડના કેસમાં પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાને પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે તેમની બહેન શેખ રેહાનાને સાત વર્ષની જેલની સજા અને તેમની ભત્રીજી, બ્રિટિશ સાંસદ ટ્યૂલિપ સિદ્દીકને બે વર્ષની સજા ફટકારી છે. આ કેસ મીડિયા સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યો છે.

ઢાકામાં સ્પેશિયલ જજ કોર્ટ-૪ ના જજ મોહમ્મદ રબીઉલ આલમ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો છે.

ભ્રષ્ટાચારના કેસોમાં હસીના સામે ચોથો ચુકાદો

અહેવાલમાં જણાવાયું છે કે ભ્રષ્ટાચાર વિરોધી કમિશન (છઝ્રઝ્ર) દ્વારા દાખલ કરાયેલા ભ્રષ્ટાચારના કેસોમાં હસીનાને સંડોવતો આ ચોથો ચુકાદો છે. છઝ્રઝ્ર એ પૂર્વાચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટ હેઠળ પ્લોટ ફાળવણીમાં કથિત અનિયમિતતાઓ પર ૧૨ થી ૧૪ જાન્યુઆરી દરમિયાન તેના ઢાકા ઈન્ટિગ્રેટેડ ડિસ્ટ્રિક્ટ ઓફિસ-૧ માં છ અલગ અલગ કેસ દાખલ કર્યા છે.

ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાના જણાવ્યા અનુસાર, હસીનાએ રાજુકના વરિષ્ઠ અધિકારીઓ સાથે મળીને, પૂર્વાચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટના સેક્ટર ૨૭ ના રાજદ્વારી ક્ષેત્રમાં ૧૦ કાઠા (૭,૨૦૦ ચોરસ ફૂટ) ના છ પ્લોટ ગેરકાયદેસર રીતે પોતાના અને તેના સંબંધીઓ, જેમાં તેમના પુત્ર સજીબ વાઝેદ જોય અને પુત્રી સાયમા વાઝેદ પુતુલનો સમાવેશ થાય છે, માટે મેળવ્યા હતા, જોકે તેઓ હાલના નિયમો હેઠળ અયોગ્ય હતા, એમ ઢાકા ટ્રિબ્યુન અખબારના અહેવાલમાં જણાવાયું છે.

૩૧ જુલાઈના રોજ, હસીના, રેહાના, જોય, પુતુલ અને ટ્યૂલિપ સિદ્દીક સહિત ૨૯ વ્યક્તિઓ સામે ઔપચારિક રીતે આરોપો ઘડવામાં આવ્યા હતા. ૨૭ નવેમ્બરના રોજ, એક અલગ ચુકાદામાં હસીનાને ૨૧ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી (પૂર્બાચલ-પ્લોટ કૌભાંડના ત્રણ અગાઉના કેસોમાં દરેક માટે સાત વર્ષ), જ્યારે જોય અને પુતુલને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

બાંગ્લાદેશની કોર્ટે ભ્રષ્ટાચારના કેસોમાં હસીનાને દોષિત ઠેરવ્યા

સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, બાંગ્લાદેશની એક કોર્ટે ભ્રષ્ટાચારના ત્રણ કેસોમાં હસીનાને ૨૧ વર્ષની જેલની સજા ફટકારી હતી. સરકારી મ્જીજી ન્યૂઝ એજન્સી અનુસાર, પૂર્વચોલમાં રાજુક ન્યૂ ટાઉન પ્રોજેક્ટમાં પ્લોટ ફાળવણીમાં કથિત અનિયમિતતા બદલ આ ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

ન્યાયાધીશે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપ્યો, કારણ કે તેની હજુ સુધી ધરપકડ કરવામાં આવી ન હતી અને તેની ગેરહાજરીમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. હસીનાને ત્રણેય કેસમાં સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી, જે કુલ ૨૧ વર્ષની જેલની સજા થાય છે. "શેખ હસીનાને પ્લોટ કોઈપણ અરજી વિના અને કાયદેસર રીતે અધિકૃત અધિકારક્ષેત્ર કરતાં વધુ ફાળવવામાં આવ્યો હતો," કોર્ટે તેના ચુકાદામાં અવલોકન કર્યું.

શેખ હસીનાને ICT દ્વારા મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ (ICT) એ જુલાઈ ૨૦૨૪ ના સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલા માનવતા વિરુદ્ધના ગુનાઓમાં દોષિત ઠેરવ્યા બાદ શેખ હસીનાને મૃત્યુદંડની સજા ફટકારી છે.

હસીના અને તેમના પરિવારને કાર્યવાહી દરમિયાન કાનૂની પ્રતિનિધિત્વ મળ્યું ન હતું, કારણ કે તેઓ છુપાયેલા હતા. તેમ છતાં, તેઓએ વિવિધ જાહેર નિવેદનો અને ભાષણોમાં ભ્રષ્ટાચાર સંબંધિત તમામ આરોપોને સતત નકારી કાઢ્યા છે. જુલાઈ ૨૦૨૪ માં, તત્કાલીન વડા પ્રધાન શેખ હસીના સામે વિદ્યાર્થી-નેતૃત્વમાં બળવો ફાટી નીકળ્યો હતો. તેણી ૫ ઓગસ્ટના રોજ દેશ છોડીને ભારતમાં આશ્રય માંગી. તેણીના ગયા પછી, નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાનું વહીવટ રચાયું.

# ૨૦૦૦ કરોડ રૂપિયાના KIIFB મસાલા બોન્ડ કેસમાં EDએ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનને નોટિસ ફટકારી

તિરુવનંતપુરમ,

એક મહત્વના ઘટનાક્રમમાં અધિકારીઓએ સોમવારે પુષ્ટિ આપી હતી કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ KIIFB મસાલા બોન્ડ કેસના સંદર્ભમાં કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, ભૂતપૂર્વ નાણામંત્રી થોમસ ઈસાક અને મુખ્યમંત્રીના મુખ્ય મુખ્ય સચિવ કે એમ અબ્રાહમને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ રૂ. ૪૬૬ કરોડની કારણદર્શક નોટિસ જારી કરી છે.

આ નોટિસ, જેમાં વ્યક્તિગત હાજરીની જરૂર નથી, તે ફેડરલ તપાસ એજન્સી દ્વારા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) ની જોગવાઈઓ હેઠળ લગભગ ૧૦-૧૨ દિવસ પહેલા જારી કરવામાં આવી હતી.

FEMA તપાસમાં તપાસ પૂર્ણ થયા પછી કારણદર્શક નોટિસ જારી કરવામાં આવે છે, અને તેમાં માપવામાં આવેલ ઉલ્લંઘન દંડ સમાન છે.

કેસ શું છે? આ તપાસ કેરળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ બોર્ડ (KIIFB) દ્વારા મસાલા બોન્ડ દ્વારા એકત્ર કરાયેલા રૂ. ૨,૦૦૦ કરોડના અંતિમ ઉપયોગ અને ફંડની પ્રવૃત્તિઓ FEMA માર્ગદર્શિકાનું પાલન કરે છે કે કેમ તે સંબંધિત છે.

KIIFB એ મોટા અને મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે રાજ્ય સરકારની પ્રાથમિક એજન્સી છે અને તેણે રાજ્યમાં મોટા અને મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે ૫૦,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજનાના ભાગ રૂપે ૨૦૧૯ માં તેના પ્રથમ મસાલા બોન્ડ ઈશ્યૂ દ્વારા ૨,૧૫૦ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા.

# દિલ્હી કોર્ટે અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપક જવાદ અહેમદ સિદ્દીકીને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા

નવી દિલ્હી,

દિલ્હીની એક કોર્ટે સોમવારે અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપક જાવેદ અહેમદ સિદ્દીકીને આતંકવાદ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. સિદ્દીકીને ૧૯ નવેમ્બરના રોજ ૧૩ દિવસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. સોમવારે, તેમને એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેમણે તેમને ૧૫ ડિસેમ્બર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા હતા.

સુનાવણી દરમિયાન, ED ના વકીલે દલીલ કરી હતી કે સિદ્દીકીને કોર્ટમાં રજૂ કરવાનું અકાળ હતું કારણ કે તેમની ૧૩ દિવસની કસ્ટડીનો સમયગાળો મંગળવારે રાત્રે ૧ વાગ્યે જ સમાપ્ત થશે, એટલે કે સોમવાર તકનીકી રીતે ૧૨મો દિવસ હતો.

દરમિયાન, સિદ્દીકીના વકીલે કસ્ટડી દરમિયાન પ્રિસ્ક્રાઇબ કરેલી દવાઓ અને તેમના ચશ્માની ઍક્સેસની વિનંતી કરતી અરજી રજૂ કરી હતી. કોર્ટે વિનંતી મંજૂર કરી.

ED ના અધિકારીઓએ સિદ્દીકીની મેડિકલ પ્રિસ્ક્રિપ્શન પણ સોંપી, જેના પછી ન્યાયાધીશે જેલ અધિકારીઓને નિર્દેશ આપ્યો કે તેમને જરૂરી સારવાર મળતી રહે.

એજન્સીએ અગાઉ આરોપ લગાવ્યો હતો કે અલ ફલાહ યુનિવર્સિટીએ ઁઝ્ર માન્યતાનો ખોટો દાવો કર્યો હતો અને વિદ્યાર્થીઓને તેના દ્બછછઝ્ર માન્યતા દરજ્જાને ખોટી રીતે રજૂ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સંસ્થાએ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન રૂ. ૪૧૫.૧૦ કરોડની આવક ઉભી કરી હતી, જ્યારે નાણાકીય રેકોર્ડ જૂથ દ્વારા એકત્રિત કરવામાં આવેલી સંપત્તિ સાથે મેળ ખાતા ન હોવા છતાં કમાણીમાં "ઉલ્કા વધારો" જોવા મળ્યો હતો.

ઈઢ એ કોર્ટને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની ફી અને જનતા પાસેથી એકત્ર કરાયેલા ભંડોળને વ્યક્તિગત અને ખાનગી ઉપયોગ માટે વાળવામાં આવી રહ્યા હતા, અને સિદ્દીકીએ અલ ફલાહ ચેરિટેબલ ટ્રસ્ટ, મેનેજિંગ ટ્રસ્ટી અને સંબંધિત સંસ્થાઓ પર વાસ્તવિક નિયંત્રણનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ધરપકડના દિવસે દિલ્હી-NCRમાં ૧૯ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી જેમાં લગભગ રૂ. ૪૮ લાખ રોકડા મળ્યા હતા.

# ઉમીદ પોર્ટલ પર વકફ મિલકતોની નોંધણી માટે સમયમર્યાદા લંબાવવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ હેઠળ વકફ મિલકતોની નોંધણી માટે છ મહિનાની સમયમર્યાદા લંબાવવાની માંગ કરતી અરજીઓ પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જણાવ્યું હતું કે આવી રાહત મેળવવા માટે યોગ્ય ફોરમ વકફ ટ્રિબ્યુનલ છે, જે નવા કાયદા હેઠળ આપવામાં આવ્યું છે.

"અરજદારો માટે વકફ ટ્રિબ્યુનલ સમક્ષ પહેલેથી જ ઉપાય ઉપલબ્ધ હોવાથી, તેઓ ૬ ડિસેમ્બર સુધીમાં તે જ માંગી શકે છે, જે અમને જાણ કરવામાં આવી છે કે મિલકતની નોંધણી માટેની છેલ્લી તારીખ છે," કોર્ટે કહ્યું.

અરજદારો ઉમીદ પોર્ટલ અને ડિજિટાઈઝેશન સાથે મુદ્દાઓ ઉઠાવે છે

અરજદારોના વકીલોએ દલીલ કરી હતી કે સમસ્યા ફક્ત ઉમીદ પોર્ટલ પર મિલકતોની નોંધણી સુધી મર્યાદિત નથી પરંતુ વકફ મિલકતોના ડિજિટાઈઝેશન સાથે પણ સંબંધિત છે. તેમણે કહ્યું કે જ્યારે ટ્રિબ્યુનલ આવી અરજીઓ સાંભળે છે અને નિર્ણય લે છે, ત્યારે ૬ ડિસેમ્બરની સમયમર્યાદા પહેલાથી જ પસાર થઈ ગઈ હશે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે વાસ્તવિક તકનીકી અથવા પ્રક્રિયાગત સમસ્યાઓનો સામનો કરી રહેલા અરજદારો સીધા ટ્રિબ્યુનલ પાસેથી વિસ્તરણની વિનંતી કરી શકે છે.

"જો (પોર્ટલમાં) સમય સ્થિર થાય છે, તો તમને જવાબદાર ઠેરવી શકાય નહીં. જો ટ્રિબ્યુનલ તમને પરવાનગી આપે છે, તો તમારા છ મહિના ગણાશે અને તમારી અરજી પર વિચાર કરવામાં આવશે. તમારે પરવાનગીની જરૂર નથી. જો મુશ્કેલી ઊભી થાય, તો તમે હંમેશા અમારી સમક્ષ અરજી દાખલ કરી શકો છો," કોર્ટે કહ્યું.

ઉમીદ સેન્ટ્રલ પોર્ટલ, જે યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૯૫ માટે ટૂંકું છે, તે વકફ મિલકતોના રીઅલ-ટાઈમ અપલોડિંગ, ચકાસણી અને દેખરેખ માટે એક કેન્દ્રિય ડિજિટલ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

આ પોર્ટલ વધુ પારદર્શિતા, જવાબદારી અને જાહેર ભાગીદારી રજૂ કરીને સમગ્ર ભારતમાં વકફ સંપત્તિઓનું સંચાલન કેવી રીતે થાય છે તેમાં એક આદર્શ પરિવર્તન લાવશે તેવી અપેક્ષા હતી.

# રુપિયા ૮૦૦ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં જામનગરના ઉદ્યોગપતિની ધરપકડ, સાહિત્ય પણ કબજે

## ૨૨ કરોડના બદલે ૧૨૧ કરોડના બોગસ બીલો બનાવીને જી.એસ.ટી. વિભાગને મોટો ચૂનો ચોપડયો

જામનગર : સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા પાંચ દિવસ દરમ્યાન સીબીઆઇ, ઈન્કમટેકસ, ઈડી બાદ હવે ડાયરેકટર જનરલ ઓફ જીએસટી ઈન્ટેલીજન્ટસ એટલે કે ડીજીજીઆઇ દ્વારા પણ જામનગરમાં ધોંસ બોલાવીને કરોડોનું બોગસ બિલિંગ કૌભાંડ આચરનાર બ્રાસપાર્ટના ઉદ્યોગપતિની ધરપકડ કરવામાં આવી છે. ૪૦ જેટલી બોગસ પેઢીઓ ઉભી કરીને આ ઉદ્યોગપતિ દ્વારા ૨૨ કરોડના બદલે ૧૨૧ કરોડના બોગસ બીલો બનાવવામાં આવ્યા હોવાનું તપાસમાં ખુલતાં જામનગરના ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જીએસટીની ટીમ દ્વારા ધરપકડ પામેલા ઉદ્યોગપતિ પાસેથી ચેકબુક, અન્ય દસ્તાવેજ, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર વગેરે પણ જ કરવામાં આવ્યા છે.

જીએસટી વિભાગના ડિરેક્ટોરેટ જનરલ ઓફ ઈન્ટેલીજન્ટસના અમદાવાદ ઝોનલ યુનિટએ બાતમીના આધારે ભાવનગર, અમદાવાદ, મુંબઈ, ચંદ્રપુર અને રાજકોટમાં ગુપ્ત રાહે તપાસ કરી અંદાજે રૂ.૮૦૦ કરોડના બોગસ જીએસટી ઈન્વોઈસના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ મસમોટા જીએસટી કૌભાંડમાં ડીજીજીઆઇ દ્વારા બદ્રે આલમ પઠાણ અને તોફીક ખાનની અમદાવાદથી ધરપકડ કરી તેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી, જેમાં તોફીકે વાસ્તવીક રીતે કોઈપણ માલની ખરીદી કર્યા વિના ખોટી વેરાસાખ મેળવવા માટે રૂ. ૪૫ કરોડના નકલી બીલ મેળવ્યાનું ખુલ્યું હતું.

આટલું જ નહીં ભાવનગર, મુંબઈ, ચંદ્રપુર, અમદાવાદ, રાજકોટમાં અનેક સ્થળોએ શોધખોળ દરમ્યાન અધિકારીઓએ ઘણી સેલ કંપનીઓની વિગતો જીએસટી નોંધણી સાથે જોડાયેલા મોબાઈલ ફોન, બેન્ક ખાતાની અને રોકડ વ્યવહાર સહિતની વિગતો સાથે અનેક ગુનાહીત સામગ્રી કબ્જે કરી હતી.

અન્ય કેસમાં ડીજીજીઆઇએ જુનાગઢની ભારત સેનેટરી એન્ડ ફીર્ટીંગના ભાગીદાર હાદિર્ક સંજયભાઇ રાવલની બોગસ જીએસટી બીલ, ખોટી વેરાશાખ મેળવવામાં ધરપકડ કરી હતી, તેમણે કોઈપણ માલની ખરીદી કર્યા વિના ૪૭ નકલી કંપનીએ જાહેર કરેલા ૧૧૦.૫૭ કરોડ રૂપિયાના બોગલ બીલના આધારે છેતરપીડી કરી રૂ.૨૮.૦૨ કરોડની વેરાશાખ મેળવ્યાનું ખુલ્યું હતું.

જામનગરની પટેલ મેટલ કાષ્ટ એલએલપીના ભાગીદાર જયદીપ મુકેશભાઇ વિરાણી કે જે આ સમગ્ર કરોડોના કૌભાંડનો મુખ્ય સુત્રધાર હોવાનું ખુલતાં ડીજીજીઆઇએ તેમની પણ ધરપકડ કરી છે, જેના કારણે જામનગરના ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ સાથે ચકચાર મચી ગઈ છે.

ડીજીજીઆઇની તપાસ દરમ્યાન ચોંકાવનારી વિગતો એ ખુલી છે કે આ કૌભાંડમાં સક્રિય જીએસટી આઇએન ધરાવતી નિષ્ક્રિય કંપનીઓ ખરીદવા આ કંપનીના ડીરેક્ટરો અને સરનામા બદલવા મોટાપાયે નકલી બીલ બનાવવા અને હવાલા તથા અન્ય સંવેદનશીલ રેકર્ડ દ્વારા બેંકિંગ વ્યવહારો અને રોકડની હેરફેર કરવામાં આવતી હતી. આગળની તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલશે.

# તરુણને ઠોકરે ચડાવી ભાગી છુટેલા વાહન ચાલકને પોલીસે શોધી કાઢ્યો

## સીસીટીવી કેમેરાઓ, સ્થળ તપાસ અને ટાયરના નિશાનના આધારે ઝડપાયો

જામનગર : જામનગર નજીક ઠેબા ચોકડી પાસે આજથી ત્રણ દિવસ પહેલાં એક વાહન અકસ્માત સર્જાયો હતો, અને ૧૫ વર્ષના એક તરુણને કોઈ અજ્ઞાત વાહન ના ચાલકે ઠોકર મારી મૃત્યુ નીપજાવી ભાગવી છૂટ્યો હતો, તે બનાવના સંદર્ભમાં જે તે વખતે પોલીસ દ્વારા અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ પંચકોષી એ. ડિવિઝનના પી.આઈ. એન.એમ. શેખ અને તેઓની સમગ્ર ટીમ દ્વારા આ બનાવના સંદર્ભમાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી હતી, અને સીસીટીવી કેમેરાની મદદ લેવાઈ હતી, જયારે કેટલાક હ્યુમન સોર્સીસ ના આધારે પોલીસને જાણવા મળ્યું હતું, કે છોટાહાથી પ્રકારનું કોઈ વાહન આ અકસ્માત સર્જીને ભાગી છૂટ્યું છે.

જ્યારે બનાવનાર સ્થળેથી એક વાહન ના ટાયરનો ટુકડો પણ પોલીસને મળી આવ્યો હતો, તેના આધારે પોલીસ દ્વારા સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી હતી, અને આખરે વાહનચાલકને શોધી લેવાયો હતો.

મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ રાજકોટના મેટોડા વિસ્તારમાં રહીને વાહન ચલાવતા અવધેશકુમાર રાધેશ્યામ યાદવની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે, અને તેની પાસેથી અકસ્માત સર્જનાર છોટા દોસ્ત ફોરવીલ વાહન પણ કબજે કરી લેવામાં આવ્યું છે. પોલીસને આ સમગ્ર પ્રકરણમાં ચોક્કસ કડી મળી હતી, અને જી.જે.-૩ બી.વાય. ૦૮૦૩ નંબરનું વાહન કે જે સીસીટીવી કેમેરામાં જોવા મળ્યું હતું, તેમજ વાહન ના અકસ્માત બાદ ટાયર નો ટુકડો તેમાંથી જુદો થયો હતો, જે પણ સ્થળ ઉપરથી મળ્યો હોવાના કારણે તેનું સંકલન કરીને આખરે અકસ્માતના બનાવ ના સંદર્ભમાં પોલીસ દ્વારા મહત્વની કાર્યવાહી કરી લઈ આરોપીને શોધી લેવાયો છે.

# ખંભાળિયા નજીક હાઈવે પર કારની ટક્કરથી જામનગર એરફોર્સ કર્મચારીનું કરુણ મૃત્યુ

## બાઈક ચલાવી ખરીદી કરવા જતી વેળાએ બન્યો બનાવ : કર્મચારીવર્ગ અને પરિવારમાં શોકનુ મોજુ

ખંભાળિયા નજીક હાઈવે પર એક હોટલ પાસેથી મોટરસાયકલ ચલાવી પસાર થતા જામનગરના એરફોર્સ કર્મચારીનું કારની ટક્કરથી કરુણ મૃત્યુ નીપજયું હતું આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો અને એરફોર્સના કર્મચારીઓ સ્થળપર દોડી ગયા હતા ખંભાળિયા પોલીસે નાયબ સુબેદારની ફરિયાદ પરથી કાર ચાલક સામે ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે. અકસ્માતના બનાવથી એરફોર્સ કર્મચારીઓ અને મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર એરફોર્સ ખાતે ફરજ બજાવતા સોહમસિંગ સુખદેવસિંગ તેઓના મિત્રનું જે. કે. ૦૨ બી. એસ. ૩૫૮૦ નંબરનું મોટરસાયકલ ચલાવી ખંભાળિયા ખાતે ખરીદી કરવા માટે ગયા હોય દરમિયાન ખંભાળિયા નજીક આવેલ પ્લેટિનિયમ હોટલ પાસે પહોંચતા પાછળથી પૂરપાટ ગતિએ દોડતી જી. જે. ૦૫ જે. કયુ. ૨૮૮૫ નંબરની કારના ચાલકે જોરદાર ટક્કર મારતા તેઓને માથાના તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે સોહમસિંહનુ કરુણ મૃત્યુ નિપજ્યું હતું.

બીજી તરફ ખંભાળિયા પોલીસમાં કાર ચાલક સામે નાયક સુબેદાર બાલાસાહેબ બાપુ ચૌધરીએ ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાર ચાલક સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ધ્રોલ પંથકમાંથી ૧૨૦૦ મીટર વિજ વાયરની કોઈ તસ્કરો ચોરી ગયા

જામનગર : જામનગર જિલ્લામાં વાયર ચોરી કરતી ગેંગ ફરીથી સક્રિય બની છે, અને ધ્રોળ પંથકમાં પીજીવીસીએલના કુલ ૧૧ગાળાના વીજ વાયરોની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

રાજકોટમાં રહેતા અને ધ્રોલ પીજીવીસીએલમાં ફરજ બજાવતા તેજસભાઈ અનિલભાઈ સોનીએ ધ્રોળ પોલીસમાં જાહેર કરાયા અનુસાર પીજીવીસીએલના વાંકિયા ગામ થી મોરારદાસ ખંભાળિયા ગામ સુધીના વિસ્તારમાં જુદા જુદા ૧૧ જેટલા વિજ થાંભલાઓ પરથી કુલ ૧,૨૦૦ મીટર જેટલા વીજ વાયરોની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાનું જાહેર કર્યું છે. અંદાજે રૂપિયા ૪૫ હજારની વાયર ચોરીની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જે ફરિયાદના અનુસંધાને ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે કે દલસાણીયા બનાવના સ્થળે દોડી ગયા છે, અને પંચનામુ વગેરે કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરમાં ભાઈ-બહેન વચ્ચે ઝઘડો, બહેનનો માર માર્યો

## આર્થિક તકલીફવેળા બહેને આપેલા દાગીના પરત લેવા માટે આવતાં ઉશ્કેરાયેલા ભાઈએ હુમલો કર્યાની ફરિયાદ

જામનગર : જામનગરમાં ભાઈ-બહેન વચ્ચેના ઝઘડાનો કિસ્સો સામે આવ્યો છે, અને નીલકંઠ પાર્ક વિસ્તારમાં રહેતા એક ભાઈએ પોતાની સગી બહેન ઉપર હુમલો કરી દીધાનું સામે આવ્યું છે. આર્થિક મૂંઝવણ સમયે ઉપયોગમાં આવેલી બહેન કે જેણે પોતાના દાગીના આપ્યા હતા, તે પરત નહીં આપી પોતાના ભાઈએ મૂઢ માર માર્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ જામનગરની વતની અને હાલ ખંભાળિયા તાલુકાના સીમાણી કારાવડ ગામમાં પરણેલી કૌશલ્યાબા જયરાજસિંહ જાડેજાએ પોતાના જામનગરમાં નીલકંઠ પાર્ક વિસ્તારમાં રહેતા ભાઈ મહાવીરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયા સામે હુમલા ની ફરિયાદ નોંધાવી છે. જે મહિલા હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર કૌશલ્યાબા ના ભાઈ મહાવીરસિંહ કે જેને આર્થિક સંકળામણ હોવાથી પોતાની બહેન પાસે સોનાના દાગીના મેળવ્યા હતા, જે પરત મેળવવા માટે આવેલી બહેન સાથે ગઈકાલે ઝઘડો થતાં ભાઈ દ્વારા હુમલો કરી દેવાયો હતો, જેથી ઈજાગ્રસ્ત બનેલી બહેન હાલ જીજી હોસ્પિટલમાં સારવાર મેળવી રહી છે.

આ બનાવ સંદર્ભે પોલીસને જાણ થતાં સીટી સી. ડિવિઝનના એએસઆઈ ફિરોજભાઈ દલ જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને કૌશલ્યાબા ની ફરિયાદના આધારે તેના જ ભાઈ મહાવીરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયા સામે હુમલા અંગે ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# શ્રમિક યુવાનનું ઢીમ ઢાળી કૂવામાં મૃતદેહ ફેંકી દેનાર આરોપી પત્નિ-સાળાના બે દિના રિમાન્ડ

જામનગર : જામજોધપુર તાલુકાના પરડવા ગામમાં એક વાડીમાં ખેત મજૂરી કામ કરતા શ્રમિક યુવાન ઉપર તેની જ પત્ની અને સાળાએ લાકડાના ધોકા વડે હુમલો કરી હત્યા નિપજાવી પુરાવાનો નાશ કરવા માટે મૃતદેહને કોથળામાં પથ્થર સાથે બાંધીને કુવામાં ફેંકી દીધો હતો. જે હત્યા નીપજાવનાર પત્ની અને સાળાની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે અને બે દિવસના રિમાન્ડ પર લેવાયા છે.

જામજોધપુર તાલુકાના પરડવા ગામમાં રહેતા ખેડુત નાગાભાઈ ભીખાભાઈ જાડેજા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની સોહમ ઉર્ફે કાળુ રામકીશનભાઈ ભાભોર કેજે છેલ્લા કેટલાક દિવસથી લાપતા બન્યો હતો, અને તેની પત્ની રાધાબેન તેમજ તાજેતરમાં જ તેમની સાથે કામ કરવા માટે આવેલો રાધા બેનનો ભાઈ પત્તલસિંગ ગુલસિંગ ધારવે કે જે બંનેએ સોહમ ના માથા પર ધોકો ફટકારી હત્યા નિપજાવી મૃતદેહ ને કોથળામાં પથ્થર સાથે બાંધીને કૂવામાં ફેંકી દીધો હતો, અને પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ વાડી ના કુવા માથી દુર્ગંધ આવતાં સમગ્ર પ્રકરણ જાહેર થયું હતું, અને પોલીસે મૃતદેહ ને બહાર કઢાવ્યા બાદ પોલીસ દ્વારા સોહમની પત્ની રાધાબેન ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા તેણે હત્યા કર્યાની કબુલાત કરી લીધી હતી, અને ભાઈ બહેન બંનેએ ભેગા મળીને હત્યા કર્યાનું સામે આવ્યું હતું. દરમિયાન પોલીસ દ્વારા પત્ની રાધાબેન અને મૃતકના સાળા પતલસિંહ ની અટકાયત કરી લેવામાં આવી છે, અને તેઓ પાસેથી હત્યામાં વપરાયેલો ધોકો વગેરે કબજે કરી લેવાયા છે.

બંને આરોપીઓને વધુ પૂછપરછ માટે પોલીસે અદાલત સમક્ષ રજૂ કરી બે દિવસના રિમાન્ડ પર સીધા છે, તેની ઘનિષ્ઠ પૂછપરછ જવાઈ રહી છે. બનાવી રાતે મૃતક પોતાની આગલા ઘરની પુત્રીને દારૂના નશામાં અડપલા કરી હેરાન પરેશાન કરી રહ્યો હોવાથી તેનો કાંટો કાઢી નાખવા માટે ભાઈ બહેનને આ કૃત્ય કર્યું હોવાની કબુલાત આપી છે.

# બેડીમાં જમીનના જુના વાંધાના પ્રશ્ને બે જૂથ વચ્ચે તકરાર

## સામસામા હુમલામાં ૮ને ઈજા : બંને પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવાઈ

જામનગર : જામનગર નજીક બેડેશ્વર વિસ્તારમાં ગઈકાલે જમીનના વાંધા ના પ્રશ્ને મુસ્લિમ વાઘેરના બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને સામસામે લોખંડના પાઈપ ધોકા જેવા હથીયારો ઊડ્યા હતા. જેમાં બંને પક્ષે ૮ વ્યક્તિ ઘાયલ થઈ છે. જે મામલે બંને પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગર નજીક બેડી વિસ્તારમાં આઝાદ ચોકમાં રહેતા સલીમ મોહમ્મદભાઈ છેર નામના ૪૮ વર્ષના મુસ્લિમ વાઘેલા યુવાને જમીનના જુના વાંધા ના પ્રશ્ને પોતાના ઉપર તેમજ પોતાના પરિવારની અન્ય પાંચ વ્યક્તિઓ ઉપર લોખંડના પાઈપ ધોકા જેવા હથિયારો વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે બેડી વિસ્તારમાં રહેતા કારુભાઈ પતાણી, હાજીભાઈ પતાણી, અને તેના બે દીકરાઓ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં પાંચ વ્યક્તિ ઘાયલ થઈ હોવાથી પાંચેયને જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે, અને ફરિયાદી સહિત ત્રણ વ્યક્તિને માથામાં તથા શરીરના અન્ય ભાગોમાં ટાંકા લેવા પડ્યા છે.

આ ઉપરાંત સામા પક્ષે પણ કારૂભાઈ સિદિકભાઈ પતાણીએ પોતાના ઉપર થતા પોતાના પરિવારના અન્ય બે વ્યક્તિ પર હુમલો કરવા અંગે સામા જૂથના હાસમ જાકુબ કકલ, અનવર અબ્દુલ કકલ, મોહમ્મદ અલી શેર અને મહેમુદ મોહમ્મદ અલી છેર વગેરે સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસે બંને પક્ષની સામ સામે ફરિયાદ નોંધ વધુ તપાસ હાથ ધરી છે.

# આહિર સિંહણ ગામે માનસિક બીમારીથી પીડાતા મહિલાનો ગળેફાંસો ખાઈ આપઘાત



ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે રહેતા મહિલાએ માનસિક બીમારીથી કંટાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની મૃતકના પતિ એ ખંભાળિયા પોલીસમાં જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે રહેતા હીનાબેન ભીમશીભાઈ ચાવડા નામના ૪૮ વર્ષના મહિલા ને છેલ્લા દોઢેક વર્ષથી માનસિક બીમારી હોય અને તેની દવા પણ ચાલુ હતી દરમિયાન ગઈકાલે તેઓએ માનસિક બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જિંદગી ટુકાવી લીધી હતી આ બનાવની મૃતકના પતિ ભીમસીભાઈ ભોલાભાઈ ચાવડાએ જાણ કરતા ખંભાળિયા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

# ભાણવડના મોડપર ગામે દેશી અને વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સ ઝડપાયા

દ્વારકા : ભાણવડ તાલુકાના મોડપર ગામે સ્થાનિક પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો અને એક મકાન સહિતની જગ્યાએ તલાસી લેતા દેશી અને વિદેશી દારૂ મળી આવતા ત્રણ શખ્સને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના મોડપર ગામે ભીમાભાઈ કાનાભાઈ મોરી નામના શખ્સના રહેણાંક મકાને દરોડો પાડી વિદેશી દારૂની એક બોટલ તથા પાંચ લીટર દેશી દારૂ કબ્જે લીધો હતો અને આ સિવાય કરસન ભીમાભાઈ ચાવડા અને ભીખાભાઈ નાથાભાઈ ભોચિયા નામના બન્ને શખ્સ સામે પણ વિદેશી દારૂ રાખવા બદલ ગુન્હો નોંધ્યો છે. આમ ત્રણેય શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## રાજકોટ રેન્જના પોલીસ મહા નિરીક્ષક અશોકકુમાર યાદવ ની ઉપસ્થિતિમાં જિલ્લાની ક્રાઈમ કોંફરન્સ યોજાઈ

# જામનગરના વાર્ષિક ઈન્સ્પેક્શનના અનુસંધાને પોલીસ હેડક્વાર્ટસમાં પોલીસ અધિકારી અને જવાનોની પરેડ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના વાર્ષિક ઈન્સ્પેક્શનના અનુસંધાને આજે રાજકોટના આઈ.જી.પી. અશોકકુમાર યાદવ નું આગમન થયું હતું, સૌપ્રથમ તેઓને ગાર્ડ ઓફ ઓર્નર અપાયું હતું, અને તેઓની ઉપસ્થિતિમાં પોલીસ હેડક્વાર્ટરમાં સમગ્ર પોલીસ વિભાગની પરેડ યોજાઇ હતી, જેમાં આઈ.જી. દ્વારા સલામી જીલવામાં આવી હતી. જામનગર જિલ્લાના વાર્ષિક ઈન્સ્પેક્શનના અનુસંધાને પોલીસ હેડક્વાર્ટરમાં જિલ્લાના તમામ પોલીસ અધિકારી કર્મચારીઓની સતર્કતા ચકાસવાના અનુસંધાને વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

જામનગર જીલ્લાના વાર્ષિક ઈન્સ્પેક્શનના અનુસંધાને જિલ્લાના કાઈમ અંગેની કાર્યવાહી ના સંદર્ભમાં જામનગર જીલ્લામાં સને-૨૦૨૫ના વર્ષમાં શરીર સબંધી, મિલકત સબંધી ગુન્હામાં ગત વર્ષની સરખાણીમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું જણાવ્યું હતું. તદઉપરાંત જીલ્લામાં શરીર સબંધી ગુનાઓ જેમાં ખૂન, ખૂનની કોશિષ, શરીર સબંધી, રાયોટીગના ગુનાઓમાં સંડોવાયેલ ઈસમોને ત્વરીત શોધી કાઢી આરોપીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી હોવાની પણ ખાસ નોંધ લેવાઈ છે, તેમજ જીલ્લામાં ગુન્હા આચરી ફરારી રહેલાં લીસ્ટેડ નાસતા ફરતા આરોપીઓને પકડવામાં પણ અસરકારક કામગીરી કરવામાં આવી છે. જેની સમીક્ષા કરવામાં આવી હતી.

જામનગર જિલ્લામા પ્રોહીબીશન, જુગાર ,આર્મ્સ એક્ટ, નાર્કોટીક્સ હેઠળ નાગુના સંબંધે પણ અસરકારક કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે જામનગર જીલ્લામાં યુવાનો વ્યસનથી દૂર રહે, નશાની બદી સંપુર્ણ નેસ્તાનાબૂદ થાય, તે અંગે પરિણામલક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જામનગર જીલ્લામાં સને-૨૦૨૫ ના વર્ષમાં પ્રોહીબીશન ધારા કેસ - ૯૧૦૩, જુગાર ધારા કેસ - ૭૭૬, નાર્કોટીક્સ એક્ટ હેઠળ ૭ કેસ, આર્મ્સ એકટ ના ૧૦ કેસ, જી.પી.એકટ - ૧૩૫(૧) હથિયાર ધારા જાહેરનામા ભંગ કેસ ૮૫૯ કેસો શોધી કાઢી અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે.

જ્યારે મિલકત સબંધી ગુન્હા આચરનાર ઈસમ વિરૂધ્ધ ગેંગ કેસ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. સને-૨૦૨૫ ના વર્ષમાં જામનગર જીલ્લામાં ધાડ-લૂંટ, ઘરફોડ-ચોરીઓ આચરનાર ઈસમોની ગેંગ વિરૂધ્ધ - ૦૨ ગેંગ કેસો કરવામાં આવ્યા છે, જેના કારણે મિલકત સબંધી ગુન્હા અંકુશમાં આવ્યા છે.

જામનગર જિલ્લામાં વર્ષ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાના ભાગરૂપે અને અટકાયતિ પગલાઓ લેવામાં આવ્યા છે, અને સુલેહ શાંતિ ભંગ કરનારા કુલ ૧૧,૨૯૧ વ્યક્તિ વિરુદ્ધ અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે. જયારે અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા ના ભાગરૂપે કુલ ૬૬ વ્યક્તિઓની પાસા હેઠળ અટકાયત કરાઈ છે, જ્યારે હાથ પારીના ૭૦ કેસ કરવામાં આવ્યા છે.

જામનગર જિલ્લામાં મહિલાઓની સુરક્ષા માટે નવરાત્રી દરમિયાન કુલ ૩૦ જેટલી 'સી' ટિમ કાર્યરત બનાવવામાં આવી હતી, અને ૭૫ જેટલી એન્ટી રોમીઓ ટિમ પણ બનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં હોમગાર્ડ તેમજ ગ્રામ્ય રક્ષક દળ મળીને કુલ ૮૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ ના માધ્યમથી સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી, અને નવરાત્રીમાં નારીઓને કડક સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી. જામનગર જિલ્લામાં કુલ ૭ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી હતી, અને અવાવરું જગ્યાઓ વગેરે સ્થળે માઉન્ટેડ યુનિટ દ્વારા પણ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. ઉપરાંત નેત્રમ કમાન કંટ્રોલના કાર્યરત સીસીટીવી યુનિટ દ્વારા પણ સતત મોનિટરિંગ ની કાર્યવાહી કરવામાં આવી રહી છે.